"અંકુશ" ના ગ્રાહકોને ભેટ.

રમેન્દ્ર

યાને

બોધબુટ્ટી

સર્વ રસથી ભરપૂર જ્ઞાનદાયક કથા.

કર્તા.

ત્રીવેદિ દિનમણિશંકર વેણીશંકર.

અંકુશના અધિપતિ

"શ્રીઅંકુશ" મુદ્રણાલય અંબાજીરોડ. સુરત.

સંવત ૧૯૬૫ સને ૧૯૦૯

(સર્વ હક કર્તાએ સ્વાધિન રાખ્યા છે.)

મૂલ્ય ૦-૪-૦

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઇટ-સંગ્રહ

गूजरात विद्यापीठ ग्रंथालय
[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक २५३४ वर्गांक

पुस्तकनुं नाम रमेन्द्र

विषय ८-:३



રમેન્દ્ર

યાને

બોધબુટ્ટી

अथ मंगलम्

ब्रह्मानन्दं परमसुखदं केवलं ज्ञानमूर्तिं ।
द्वन्द्वातीतं गगनसदृशं तत्त्वमस्यादिलक्ष्यं ॥
एकं नित्यं विमलमचलं सर्वधीसाक्षिभूतं ।
भावातीतं त्रिगुणरहितं सद्गुरुं त्वां नमामि ॥ १॥

ध्यायामि तद्वेदशिरोधिगम्य ।
मोङ्कारगम्यम्परमार्थतत्वम् ॥
मत्यंशिवञ्ज्ञानसुखंमुबोध ।
न्निर्द्वन्द्वमक्षुब्धमनन्तरूपम् ॥ २ ॥
एकंस्थिरंशाश्वतमव्ययन्त ।
न्माकुसृष्टितोविश्वमिदञ्ञयत्र ॥
मम्वीक्षितन्तत्पुनरुद्भूव ।
तदेवजायेहृदिभावयामि ॥ ३ ॥

અર્થ—બ્રહ્મરૂપ, આનંદરૂપ, પરમ સુખ આપનાર "ज्ञानमूर्ति" સુખ દુઃખ રહિત, આકાશની પેઠે નિરૂપાધિક, "तत्वमसि" એ મહા વાકયથી જાણવામાં આવે તેવા, એક, અનિત્ય નહિ એવા અર્થાત નિત્ય, મળ રહિત. અચળ, સર્વની બુધ્ધિના સાક્ષીભુત ત્રણ ગુણોથી રહિત એવા જે સદગુરૂ તેમને હું નમસ્કાર કરૂં છું ॥ ૧ ॥

વેદોએ તથા ૐ કાર વડે જાણવા યોગ્ય, પરમાર્થ તત્વ રૂપ, સત્ય. આનન્દ, નિત્ય જ્ઞાન રૂપ, સુખ દુઃખાદિથી રહિત અનન્ત રૂપ ક્ષોભ રહિત, એક, સ્થિર. શાશ્વત, અવ્યય (નાશરહિત) બ્રહ્મરૂપ, વિશ્વને ઉત્પન્ન કરનાર બ્રહ્મનીજ હું હૃદયમાં ભાવના કરૂં છું ॥ ૨ ॥ ૩ ॥

श्री इष्ट प्रतिमंगल प्रार्थना

રાગ કલ્યાણ ધ્રુવપદ. (તાલ ચૌતાલ) શ્રી ઉપર સમ)


શ્રી સચ્ચીદાનંદ ઘન
તવ પદમાં નમન—શ્રી
(તાલ. સુલફાક)
સ્વયંતું બ્રહ્મા, સ્વયં તું વિષ્ણુ;
સ્વયં તું ઇંદ્ર, સ્વયં તુ રૂદ્ર;
વાયુ વરૂણ તું, અગ્નિ કુબેર તું;
દેખું છું હું, સર્વ સ્થળે તું;
(તાલ ચૌતાલ)
સતત તવ ચિંતન—શ્રી
(તાલ રૂપક)
અજર અમર અનુપ
નિર્વિકાર વિશુદ્ધ રૂપ
ત્રીભુવન મંડલભૂપ
સર્વવ્યાપી સત્સ્વરૂપ
(તાલ સુલફાક)
હો જગદાતા, ત્રાતા ધાતા,
(તાલ ચૌતાલ)
નિરામય નિત્ય નિરંજન—શ્રી!

ત્રોટક

ભવતારક ત્રાસ નિવારક હો,
સુખ સારક સાર અસાર અરી
સ્થિર ધર્મ ધરી અભિ અંશ ઝરી
વર રૂપ વરી સુર શિષ્ટ હરી
તિલકેશ રમેશ રશેષપાત,
અભિ. દોષાવિરતિ અનાભિજ્ઞ હદે

પ્રિયવંદન હો વ્રજચંદ પદે,
રઘુનંદન નંદ મુકુંદ પદે.





મહાત્માનો મેળાપ.



અટન કરતાં કરતાં રમેન્દ્ર મહારાજા જેને વિષે મનુષ્યનું દર્શન કરવું મહા દુર્લભ હતું એવા અરણ્યને વિષે અર્થાત્ તદ્દન નિર્જન અને મહા દારૂણ અરણ્યને વિષે અરણ્યની અદ્ભુત લીલા (અનેક પ્રકારના વૃક્ષો, પર્વતો, ગુફાઓ, પશુઓ, પક્ષીઓ, વિગેરે) નિહાળતાં નિહાળતાં ઘણે દૂર નીકળી ગયા તો આગળ એક મોટું મેદાન જેવું ભાસ્યું જેમાં પ્રવેશ કરતાં માલૂમ પડયું કે અંહી માત્ર નાના મોટા પાષાણોના કટકા સિવાય અન્ય કાંઇજ નથી; પરંતુ એટલામાં એમ આગળ ચાલતાં ચાલતાં પોતાનાં જમણા હાથ તરફ સ્હેજ દીર્ઘ દ્રષ્ટીથી જોયું તો જેને વિષે અતિ સૂક્ષ્મ પદાર્થ પણ સ્પષ્ટ દેખાય એવા દર્પણના કાચ જેવા નિર્મળ

જળનો એક વહેતો પ્રવાહ અવલોકયો. જેથી પોતે તે પ્રવાહની પાસે જ ઘ અટન કરતાં કરતાં શ્રમને લીધે ઘણાજ થાકી ગએલા હોવા થી તે પ્રવાહથી સ્હેજ દૂરના એક મોટા પાષણ ઉપર બેઠા અને તે નિર્મળ જળને જોઇને પોતાને એકદમ જળપાન કરવાની ઇચ્છા સ્ફુરી આવી તેથી ત્યાંથી પાછા તત્કાળ ઉઠયા અને જ્યાંથી હસ્ત નું અવલંબન કરવાથી અંજલી વડે જળપાન થઇ શકે એવી રીતે જળની નિકટ પડેલા એક પાષણના નાના કટકા ઉપર જઇને બેઠા. બાદ જળપાન અર્થે અંજળીમાં જળ ભરવાને પોતાના ઉભય હસ્તને જળ તરફ લંબાવ્યા તો તે વહેતા પ્રવાહના નિર્મળ જળવાળા સ્થાનમાં એક જળનું બિંદુ સરખું પણ રમેન્દ્ર રાજાને દ્રષ્ટીગોચર થઇ શકયું નહિ. પરંતુ તે વહેતા પ્રવાહના નિર્મળ જળવાળા સ્થાન ઉપર જળને બદલે જેની મૂર્તિ સ્વયં બ્રહ્મદેવે જાણે પોતાને હાથેજ ઘડી હોય તેમ સર્વાંગે સૌંદર્યવાન તેજસ્વી નૂતન અને જેને કોની ઉપમા આપવી તે બીલકુલ સમજમાં આવે નહિ એવા અનુપમ વાસ બાવીસ વર્ષની યુવાન વયના એક મહા પુરૂષને જોયા જેણે પોતાના વામ સ્કંધ ઉપર અને જમણી કટી ઉપર ઉપવિત ધારણ કર્યું હતું; ગજાનન (ગણપતિ) ના જેવું પ્રસન્ન વદન હોવાથી જેના મુખની આકૃતિ એવી તો ભવ્ય સુંદર અને આનંદ

દાયક હતી કે તે જોતામાં તુરત દૃઢપણે પતિવ્રત પાળનાર સતી સ્ત્રી હોય તો——તે પણ પોતાનું વ્રત ભંગ કરવા તત્પર થઇ જાય; જેણે ઉપરથી અને ગુહ્યના આચ્છાદનાર્થે માત્ર એક વસ્ત્રનો કટકો આડો અવળો વીંટી લીધેલો હતો, જેણે હસ્તમાં કમંડલુ જેવું એક જળપાત્ર અને એક વ્યાઘ્રચર્મ ગ્રહ્યું હતું; જેના મસ્તકના કેશમાં તેમજ અન્ય સર્વ અંગોપર આછી આછી ભસ્મ ચોળેલી હતી એવા મહા પુરૂષ રમેન્દ્ર રાજાએ પોતે જે નાના પાષાણના કટકાં ઉપર બેસીને જળપાન કરવા માટે ઉભય હસ્તને જળ તરફ લંબાવ્યા હતા તેજ પાષાણના કટકા પાસે થઇને અર્થાત પોતાની પાસે રહીને જે દિશા તરફ તે જળનો પ્રવાહ વહેતો હતો તે દિશા તરફ એટલે પોતાના વામ હસ્ત ગમી અતિ શીઘ્રતાથી ગમન કરતા અવલોકયા આ વિસ્મય જન્ય દેખાવ જોયો કે તત્કાળ રમેન્દ્ર રાજાને તો મહાપુરૂષને બોલાવવાની ઇચ્છા થઇ પણ રખેને હું જો બોલાવીશ તો અદૃષ્ટ થઇ જશે અને મને સમાગમ નહિ થશે. માટે હું એ મહાપુરૂષની પાછળ એમના કરતાં પણ વિશેષ શીઘ્રતાથી દોડું અને પકડી પાડીને

આગળથી જઇ ઓચિંતો હાથ ઝાલીને સ્વલ્પ સમય રોભવાની પ્રાર્થના કરૂં તો મારા કાર્યની સિદ્ધિ થાય એવો આ સમયછે ખાત્રીભર એમ વિચારી રમેન્દ્ર રાજા તુરત તે મહાત્મા પાછળ અત્યંત શીઘ્રતાથી નાના બાળક પેરે દોડ મૂકને દોડ્યા જો કે રમેન્દ્ર રાજા તે મહાત્મા કરતાં ઘણીજ ઝડપથી દોડતા હતા તો પણ રમેન્દ્ર રાજાને અને તે મહાત્માને પોતના દોડતાં પ્ર... જેટલું અ..ર હતું તે કરતાં પણ વિશેષ અંતર પડ્યું એ જોઇને રમેન્દ્ર રાજાના અંતઃકરણમાં ભારી વ્યગ્રતા ઉત્પન્ન થઇ અને દોડ્યા તેથી પગ થાકી ગયા, શ્વાસ ભરાઇ ગયો ચિત્તની વૃત્તિ ઢીલી ઢીલી થઇ ગઇ અને તે થી એકદમ મોટી પોક મુકીને રડી દીધું છતાં પણ હીંમત રાખી દોડવાનું છોડ્યું નહિ અને રડતાં રડતાં ...ાસ ...ડતા દોડતાં આ ભાચિન્તે પરન્તુ વિનય પૂર્વક એક મોટી ... હે મહાપુરૂષ આ રાંકડા કિંકર પર અનુગ્રહ કરી ... સમય થોભીને તથા મારી શંકાનું સમાધાન આપીને ... આ.... જજો" આવા વિનય યુક્ત દીન વચન ... કર્યા ... ... મા તત્કાળ ઉભા રહ્યા ને જ્યારે રમેન્દ્રરાજા પાસે આવી પહોંચ્યા ત્યારે કહ્યું

કે "હે ભાઇ સ્વલ્પ સમય શું હામ? તારી શંકાનુ સમાધાન પરિપુંર્ણ પણે થઇ ગયા પછી જ્યારે તું મને કહેશે કે હવે લેશ પણ શંકા નથી ત્યારેજ હું જઇશ" એમ કહી જે સ્થળ ઊપર તેઓ સાક્ષાત ખડકાયા ઊભા હતા ત્યાંજ [illegible]થી ઢળાવેલું વ્યાઘ્રચર્મ પાથર્યું અને તેના ઉપર બેઠા. ને રમેન્દ્રરાજા પણ તેમના સન્મુખ બેસી ગયા અને દંડવત નમસ્કાર કર્યો મહાત્માએ જળનું પાત્ર આગળ ધરી રમેન્દ્ર રાજાને જળપાન કરવાની તથા થોડીવાર વિશ્રાંતિ લેવાની આજ્ઞા કરી જેથી રાજાએ પાત્રમાંથી અંજલી વડે થોડું જળ પીધું અને માત્ર ક્ષણ ભર વિશ્રાંતિ લીધી પણ વિશેષ વિશ્રાંતિ લેવા ઇચ્છા કરી નહિ કારણ કે રખેને મહાત્મા ચાલ્યા જશે તો મારી શંકા મારા મનમાંજ રહી જશે અને મારું કાર્ય સિદ્ધ નહિ થશે. મતલબ રાજાને શંકાનું સમાધાન શ્રવણ કરવાની ઘણીજ આતુરતા હતી અને તેથીજ તે બન્ને હાથ જોડીને ઝટ બોલ્યા કે હે મહાપુરૂષ! આપની આજ્ઞા હોય તો હવે હું મારી શંકા અર્પણ કરું મહાત્માએ તેની શંકા કહેવાની વેગવાળી ઇચ્છા જાણીને આજ્ઞા કરી કે ભાઇ હવે તું તારી શંકા સુખ રૂપે કહે.




રમેન્દ્રની શંકા

આજ્ઞા થતાંજ રાજાએ કહ્યું હે યોગીશ્વર ! આપ મારી શંકાને સૌથી કનિષ્ટમાં કનિષ્ટ ગણો તોએ ભલે કે સર્વોત્તમ સૌથી મોટી મહાન ગૂઢ ગણો તોએ ભલે પરંતુ તે શંકા તો માત્ર આટલીઆજ છે કે "તું તે હું, હું તે તું ને હું તું તે" એ ખરૂં છે કે ખોટું ? મહાત્મા તરફથી તત્ક્ષણ જવાબ મળ્યો કે બાઇ "તદ્દન ખરૂં છે" રાજાએ કહ્યું ના. તે હું નહિ માનું કારણ કે હું તો એ તદ્દન ખોટું માનું છું બીજો દાખલો લેવાની હાલ કાંઇ જરૂર નથી પણ આપ અને હું શું જુદા નહિ ? આપ તો મહાપુણ્યવાન પરોપકારી મહાજ્ઞાની અને મહા પુરૂષ છે અને હું તો બીલકુલ અજ્ઞાની છું તો શું "આપ તે હું અને હું તે આપ એમ કહી શકાય ? ને તે વાજબી કહેવાય ? એ બાબત મને સ્પષ્ટ પણે સવિસ્તર સમજાવવા કૃપા કરશો."

રમેન્દ્રરાજાની આવી સર્વોત્તમગુઢ શંકા કે જે શંકાનું સમાધાન યથાચિત સમજવામાં આવે તો ત્યારે પછી કાંઇજ પણ જાણવાનું અવશિષ્ટ

રહેજ નહિ તે શંકા સાંભળીને અંતઃકરણમાં વિચાર કીધો કે "જો હું આ મનુષ્યને આ શંકાનું સમાધાન પુરેપુરી સમજ સાથે કહીશ તથાપિ એના મનનું સમાધાન સંપૂર્ણપણે થવું મહા કઠીણ છે. કારણકે હાલ એ મનુષ્યના મનમાં એ શંકા સંબંધમાં વિપરીત ઠસી ગયુંછે કે એમ તે હોય ! માટે સૌથી ઉત્તમ માર્ગ એ છેકે એ મનુષ્યને એવા તે કેવા સંજોગો પ્રાપ્ત થયા કે એ મનુષ્યના મનમાં આ શંકાનો અંકુર ફુટયો એ પ્રશ્ન એ શંકાકાર મનુષ્યનેજ પુછી એના પોતાના મુખથીજ એનું સમગ્ર પૂર્વ વૃત્તાંત કહેવડાવીને ભલે વિલંબ થાય તેની હરકત નહિ પરંતુ એના આગલા સ્વરૂપનું ભાન બધું તાજું કરીને પછીથી આ શંકાનું સમાધાન એનાં મનમાં એવું ચોકકસ ઠસાવવું કે જેથી એને પછી કાંઇ પણ પુછપરછ કરવી બાકી રહે નહીં એ પ્રમાણે વિચાર કરીને મહાત્માએ રમેંદ્ર રાજાને કહયું હે શંકાકાર! હું તારા શંકાનું સમાધાન કહીશ તારા જ્ઞાન ચક્ષુપર જે રહેજ ચીકણો કચી [કાદવ] વળગ્યો છે તે તદ્દન સાફ થશે અર્થાત અજ્ઞાન રૂપ અંધકારનો નાશ કરીને, તને પવિત્ર નિર્મળ અને દિવ્ય જ્ઞાનદિપકના દર્શન કરાવીશ પરંતુ હજુ વિલંબછે, તે કયાં સુધી વિલંબ છે કે જયાં સુધી તું કોણ છે, કયા દેશનો છે, તારાં માતા પિતા કોણ હતાં તારાપર કેવી અને કઇકઇ આપત્તીઓ આવી પડી તે કેવાં પ્રકારનાં અને કયાં કયાં સુખો ભોગવ્યા તને આ શંકા કયારે અને

કેવી રીતે ઉત્પન્ન થઇ અને તું અંહી આવા નિર્જન સ્થાનમાં કેવી રીતે આવ્યો એ વિગેરે તારાં જન્મથી તે આ ક્ષણ પર્યંતનું તારૂં જે ચરિત્ર તારી સ્મરણ શકિતમાં સ્થિત હોય તે સર્વ ચરિત્ર સવિસ્તાર કહે ત્યાં સુધીજ માત્ર વિલંબ છે. માટે હવે તું તે કહેવાનો આરંભ કર. આ સાંભળીને પ્રસન્ન ચિત્તે રમેંદ્ર રાજાએ બન્ને હાથ જોડીને કહ્યું. મહાત્મન્! આપની આજ્ઞાનુસાર હું મારું ચરિત્ર કહેવાનો આરંભ કરૂં છુ !





રમેન્દ્ર કાળુ


પૂર્વ દિશામાં આવેલું નંદનપુર નામનું નગર કે જ્યાં મહાપ્રતાપી ક્ષાત્રીય રાજાઓ રાજ્ય કરતા હતા જ્યાંના રાજ્ય કરનાર સર્વ રાજાઓ મહારાજા કહેવાતા હતા તે નગરમાં તેમનાજ વંશમાં ઉત્પન્ન થએલા **વીરેન્દ્ર** નામના રાજા રાજ્ય કરતા હતા તેઓ મારા પિતા થતા હતા મારા પિતા વીરેન્દ્ર મહારાજા પોતાના સમયના રાજાઓમાં મહા શૂરવીર ગણાતા હતા તેનું શરીર પણ તો કસાયલું તથા બળવાન હતું તથા રણ સંગ્રામમાં તે એવા તો નિપુણ હતા કે આખી પૃથ્વીના રાજાઓ તેમનું નામ સાંભળતાંમાં ભય પામતા હતા જો કે ક્ષત્રીય વીર્યવાન શૂરવીર હોય એમાં કંઇ નવાઈ નહિ પણ એ મારા પિતા વીરેન્દ્ર મહારાજા ઘણા જ્ઞાની અને સમજુ હતા તેમજ ધર્મકાર્યમાં નિષ્ઠાવાળા હતા. પ્રથમ પત્નિ દેવલોક પામવાથી મારા પિતા બીજી વખત તે સ્ત્રી સાથે પરણ્યા હતા કે જે સ્ત્રીએ મને પોતાના ઉદરમાં દશ માસ રાખી કષ્ટ સંકુષ્ટ વેઠીને જન્મ આપ્યો હતો. એ મારી માતાનું નામ

પતિપ્રીયા હતું ; પરન્તુ હું એ મારી વહાલી માતાને આખું નામ દઇને બોલાવતો નહોતો, તેમજ રીત પ્રમાણે મા બા કે જી કહીને પણ બોલાવતો નહોતો; હું તો માતાના અને પુત્રના અતિ નિકટ સંબંધને લીધે તથા પૂર્ણ પ્યારને લીધે માત્ર કાકુ કહીનેજ બોલાવતો હતો. મારા માત પિતાને હું એકજ પુત્ર હતો. હું દિવસે દિવસે મોટો થવા લાગ્યો મારા માત પિતાનો પ્રેમ મારા પર વધતો ગયો. હું કાલું કાલું બોલતો તે સારૂં અને મધુંર લાગતું હતું અને તેથી તેઓ પ્રસન્ન થતા હતા. મારા માત પિતા મારા પર એટલા બધા પ્રસન્ન હતા કે વખતો વખત મને મારી મરજી મુજબ બોલવા દેતા, ફરવા દેતા, રમવા દેતા, અને હું પીવાને પાણી માગું તો દૂધ મંગાવીને દેતા હતા. અરે છેક એટલે સુધી કે હું તેઓને દુઃખ દેતો અને મારા કોમળ હાથ પગથી તેઓને માર મારતો તો પણ તેઓ હસ્યા કરતા હતા અને ઉલટા વિશેષ આનંદ માનતા હતા એમ કરતાં કરતાં હું લગભગ સાતેક વર્ષનો થયો ત્યારે મારા પિતાએ ઘેર ભાષાનું ઉંચુ જ્ઞાન ધરાવનાર શિક્ષકને બોલાવી સામાન્ય પણે ભાષાનું અર્થાત લખવાનું વાંચવાનું તેમજ ગણિત વિગેરેનું જ્ઞાન આપ્યું અને પછી મને વિદ્વાન રાજ્યગુરૂનેત્યાંભણવાને મોકલવા માંડયો હું પ્રતિદિન ગુરૂજીને ઘેર ભણવાને જતો હતો ખરો તોપણ કાંઈ ભણવા તરફ મારૂં લક્ષ હતું નહિ, કેટલીએક વખતતો ગા ડીમાં બેસીને ગુરૂને ઘેર ભણવા જતી વખતે જો રસ્તામાં કોઇ મારા જેવો રમૂજી મિત્ર મળી જાય તો ગાડીમાંથી ઉતરી પડી પુ સ્તક પાટી વીગેરે સીપાઈ સાથે પાછાં ઘેર મોકલાવી મિત્ર સાથે


રમવા જતો રેહેતો હતો. અને જે દિવસે ગુરૂને ઘેર ભણુવા જતો તે દિવસે ભણીને આવીને પુસ્તક પાટી વિગેરે એક મેજ ઉપર મુકતો અને જો ભણેલો પાઠ પુસ્તક પાટી સ્વતઃ પોતે ગોખીને તૈયાર કરતા તો હુ કાંઇ તેઓના નહોતો કહેતો; પરંતુ હું પોતે તો ભણીને આવ્યા પછી પુસ્તકને કે પાટીને સ્પર્શ સરખો પણ કરતો નહોતો. કારણકે હું મારા માત પિતાને એકનો એક હતો એટલે તેઓ મને લેશપણ કટુ વચન કહેતા નહિ પરંતુ મારા પિતાએ ઉલટી મને આગળથી એવી શાખામણ આંપી હતી કે ભાઈ તારે જે જોઇએ તે ખુશીથી લેવું આનંદમાં રહેવું અને દુઃખનું સ્વરૂપ કેવું છે તે તારે જાણુવાની પણ ઈચ્છા કરવી નહિ ગુરૂએ આપેલો પાઠ ગોખીને તૈયાર નહિકરવાથી ગુરૂજી મનેજયારે શિક્ષારૂપ વચનો કહેતા ત્યારે હુંએક કાને સાંભળીને બીજે કાને કાઢી નાખતો એમ કેટલોક વખત ચાલ્યું પણ પછીતો ગુરૂજી કંટાળ્યા અને મારા પિતાને કહ્યું કે મહારાજા આપનો પુત્ર લેશપણ આપેલો પાઠ તૈયાર કરવામાં શ્રમ લેતો હોય એમ જણાતું નથી માટે મને દોષ દેશો નહિ આપ તેને બોલાવી પૂછો ને તેના આ ખોટા આચરણને માટે ઠપકો આપો નહતો પાછળ પસ્તાવું પડશે કારણ કે કોઇ દુર્જનનો સંગ કરશે તો દુર્ગુણી નિવડશે." આ સાંભળી મારા પિતાએ ઊત્તર આપ્યો કે" ગુરૂજી હું તમારા વચનપર વિશ્વાસ રાખું છું એ વાત સત્ય હશેજ પણ હાલ આપની સમક્ષ બોલાવીને પૂછવા કરતાં હું એને પછીથી યોગ્ય રીતે સૂચના આપીશ ને આપવો ઘટતો ઠપકો પણ આપીશ." જેથી ગુરૂજી બીલકુલ બો

ક્યા વિના પોતાને આશ્રમે ગયા બાદ પિતાએ મને બોલાવીને પૂછ્યું આ કેશીએ ઠપકાના રૂપમાં શીખામણો આપી પણ કાંઈ મને ખોટું લાગે એવું તથા અસર થાય એવું કડુ વચન કહી શક્યા નહિ એટલે મેં કાંઈ તે ઠપકાને ગણકાર્યો નહિ એમ કરતાં કરતાં જ્યારે હું લગભગ સત્તર વર્ષની વયનો થયો ત્યારે મારા પિતાએ રામનગર સંનિકટના તુંમિલા નામની નગરીના રાજા કુરૂવિઠ્ઠી [illegible] ની સૌન્દર્યવાન રત્નગંગા નામની કુંવરી સાથે ઘણી જ ધામધુમથી મારાં લગ્ન કીધાં હું મારા પિતાના મનને પણ ખોટું લાગે [illegible] જુદે. અને [illegible] આદિ પરણાં કરવાં ઘણાજ યત્નથી પ્રાપ્ત થઇ પરંતુ મેં તેનો સદુપયોગ નહિ કરતાં દુરાચારી દુષ્ટ જનોનો સંગ કરવા લાગ્યો દ્રવ્યનો ગમે તેમ વ્યય કરવા લાગ્યો અર્ધી રાત્રી પર્યન્ત આખા નગરમાં ગાડાં દોડે એવી રીતે રખડતાં શીખ્યો નગરમાં જેને નુતન યૌવન પ્રાપ્ત થએલું હોય, એવી નવી નવી અ[illegible] સુંદર સ્ત્રીઓ સાથે વ્યભિચાર કરતો થયો. એમ કરવાથી મારા પિતા પાસે મારી ઘણી ફરીયાદો જવા લાગી, મારા પિતા મારા દુરાચરણોથી નાકેદ થયા, કંટાળ્યા, અને પસ્તાયા કે ,,અરે આ તો કુળને લાંછન લગાડનાર નીવડ્યો'' પણ હું એકાએક હતો અને પોતે વૃદ્ધ હતા તેથી કરે! એમ કરીને નીવૃત્તી [illegible] આસન [illegible] પ્રત્યેક દુર્ગુણના નિધી (ભંડાર) રૂપ બન્યા.

એક દિવસ રાત્રીને સમયે મારા પિતાનું શરીર એકાએક બ ગડયું, પ્રાતઃકાળ થતાં વૈદ બોલાવી ઔષધોપચાર કીધા છતાં શરીરમાં કાંઇ સુધારો થયો નહિં; પરંતુ પ્રકૃતિમાં વિકૃતિ વધતી જતી માલુમ પડી અને જેમ જેમ સમય વ્યતીત થતો ગયો તેમ તેમ વિશેષ વિકૃતિ થતી માલમ પડી. તેથી ,' આ માંદગી પ્રાણ લીધા વિના જશેજ નહિં " એમ પ્રત્યેકે અનુમાન કીધું; તથા મારા પિતા પણ પોતે પોતાના મનમાં એજ પ્રમાણે સમજ્યા. તેથી પાસે બેઠેલા મારા માતુશ્રીને મને બોલાવવાનું સુચવ્યું. મને સેવક દ્વારા ખબર મળતાં હું તુરત પિતાની પાસે ગયો, મને મારા પિતાએ પોતાની પથારીમાં બેસવાની આજ્ઞા કરી, તેથી હું ત્યાં પિતાની પાસે પથારીમાં બેઠો. ત્યાં ગુરૂજી કે જેઓને ત્યાં હું પ્રથમ ભણવા જતો હતો, તે, તથા વૈદરાજ, મારાં માતુશ્રી, નીકટના સગા અને પ્રધાનાદિ ઘણાં મનુષ્યો બેઠેલા હતા. પિતાએ પથારીમાં બેઠા થવાનો પ્રયત્ન કીધો, પણ જ્યારે તે પ્રયત્ન નિષ્ફળ ગયો અને બેસાયું નહિં ત્યારે મસ્તકની નીચે એક ઉંચો તકીઓ રખાવી તે ઉપર મસ્તક મુકીને મારા પ્રતિ પોતાની નજર રાખીને મને નીચે પ્રમાણે કહ્યું.



પિતાશ્રીનો બોધ.



મારો મરણાવસ્થાનકાળ હવે ઘણો સમીપ આવ્યોછે. માટે હું તને આ સમયે માત્ર થોડો બોધ આપવા ઇચ્છું છું પરંતુ હું તને શું બોધ આપું ? આજ દિન સુધીનું તારૂં વર્તન મને સ્મરણ થવાથી મારૂં અંતઃકરણ અત્યંત ખિન્ન થઇ ગયુંછે જ્યારે મેં તને ગુરૂજીને ઘેર ભણવાને મોકલ્યો ત્યારે મેં તારે માટે ઘણા ઉત્તમ વિચારો બાંધ્યા હતા, પણ તેસર્વ વ્રથા !!! હવે તું કાંઇ વયથી નાનો નથી. સમજ, પુત્રે પિતાની આજ્ઞાનું પાલન કરવામાં કેટલું સાવધાન રહેવું પડેછે, તેનું કાંઇ તને ભાનછે? આ દ્રષ્ટાંત કહુંછું તે ; લક્ષ પૂર્વક શ્રવણ કર.

એક દિવસે વ્રષપર્વા રાજાની યુવાન વયની શર્મિષ્ટા નામની પુત્રી પોતાની સરખી વયની સહસ્ર (હજાર)સખીઓ અને ગોર (શુક્રાચાર્ય) ની પુત્રી દેવયાનીને સાથે લઇને ફરવા નીકળી. ફરતાં ફરતાં શહેરના બગીચામાં ગઇ. તે બગીચામાં ફુલ જેવાં

કે જાઇ, જુઇ, ગુલાબ, ચંબેલી, મોગરો, કેવડો, અને પારીજાતક વિગેરેના વૃક્ષો ઘણાં હતાં. તે બગીચાની બાજુમાં એક સુંદર તળાવ હતું. જે તળાવના કિનારાઓમાં ભ્રમરો સુસ્વરથી સુંદર ગાયનની ધુમ મચાવી રહ્યા હતા, અને તેથી જે તળાવ ઘણુંજ શોભાયમાન અને આનંદદાયક લાગતું હતું. તે તળાવને જોઇને એ સર્વ કમલનયની કન્યાઓ ક્રોડથી કનકનાં કંકણો ખખડાવતી જળાશયની પાસે આવીને પોતાના વસ્ત્રોને કિનારે મૂકી જળમાં વિહાર કરવા લાગી અને એક મેક પરસ્પર પાણી છાંટવા લાગી. એટલામાં પોઠીઆપર બેસીને જગત્પિતા શંકર પરમાત્મા તથા જગન્માતા પાર્વતીજી બન્ને જતા હતા તેમને જોઇને તે સઘળી નાજુક કન્યાઓ શરમાઇ ગેઇ, અને તેથી એકદમ તળાવમાંથી નીકળી સૌએ પોત પોતાના વસ્ત્રો પહેર્યાં. તેમાં શર્મિષ્ટાએ અજાણતાં દેવયાનીનું વસ્ત્ર પહેરી લીધું. તે જોઇ દેવયાની ક્રોધથી બોલીઃ- અરે! આ દાસીએ કેવું અયોગ્ય કામ કીધું! તે તો જુઓ!! કુતરી જેમ યજ્ઞના હવિષ્યને ખાઇ જાય તેમ મારે પહેરવાનું વસ્ત્ર એ પહેરી બેઠી! બ્રાહ્મણો કે જેઓ પરમપૂજ્ય ભગવાનનાં મુખ રૂપ છે, જેઓ પરમાત્માને જાણેછે અને જેઓને લોકપાલ દેવતાઓ તથા લક્ષ્મીના નિવાસ રૂપ પરમ પવિત્ર વિશ્વાત્મા ભગવાન પોતે પણ નમેછે. તેઓમાં પણ અમે ભૃગુના કુળના છીએ અને એ શર્મીષ્ટાનો પિતા અમારો શિષ્યછે છતાં શૂદ્ર જેમ અનધિકાર છતાં વેદનું ધારણ કરે તેમ આ દુષ્ટા શર્મિષ્ટાએ મારૂં પહેરવાનું વસ્ત્ર ધારણ કર્યું છે? આ સાંભળીને દેવયાનીને દબાવીને નાગણની પેઠે ક્રોધથી શ્વાસ લેતી શર્મિષ્ટાએ પોતાના હોઠ ડસીને તથા દાંત પીશીને કહ્યું, અરે! ભાંખારણ! તું

તારી સ્થિતિનો જરાતો વિચાર કર ? સ્થિતિનો વિચાર કીધા વિના બહુ બકવાદ નહિં કર. જેમ કુતરૂં અન્નની લાલચે પુછડી પટ પટાવતું ઘર આગળ ફેરા ખાયછે તેમ કુતરાના જેવી સ્થિતિ વાળું તારૂં કુટુંબ શું અમારા ઘરના ટુકડાની લાલચ નથી રાખ તું !" એ પ્રમાણે શર્મિષ્ઠાએ ઘણાં કઠોર અઘટીત વચનોથી શુક્રાચાર્યની પુત્રી દેવયાનીનો તીરસ્કાર કીધો અને ક્રોધથી તેની પાસેનું લુગડું છીનવી લઇ તેને નગ્ન કરીને પાસેના એક કુવામાં નાંખી દીધી અને પોતે પોતાની સખીઓને લઇને ઘેર ગઇ.

દૈવની ઇચ્છા બળવાન છે. જે કુવામાં દેવયાનીને શર્મિષ્ઠાએ નાંખી દીધી હતી. તે કુવા ઉપર મૃગયા કરતાં કરતાં યયાતી નામના રાજા પાણી લેવાને માટે આવી પહોંચ્યા. તો દેવયાનીને કુવામાં પડેલી દીઠી. જેથી દેવયાની કે જે નગ્ન હતી તેને પોતાનું ઉત્તરીય વસ્ત્ર આપી તેના હાથને પોતાના હાથથી ઝાલીને રાજાએ દયાથી તેને બહાર કાઢી શુક્રની પુત્રી દેવયાનીએ પ્રેમ યુકત વાણીથી તે રાજાને કહ્યું હે રાજા ! તમે મારો હાથ ઝાલી ચુકયા. તો જેનું એકવાર પાણીગ્રહણ થઇ ચુકયું તેનો બીજો પતી નહિ થવો જોઇએ. આપણો આ સંબંધ કોઇ મનુષ્યે નહિ પરંતુ પરમેશ્વરે પોતેજ કરેલો છે એમ સમજવું અયોગ્ય નથી. બ્રાહ્મણની પુત્રીને ક્ષત્રીય પરણે એવાત યયાતિ રાજાને જો કે શાસ્ત્ર વિરૂધ્ધ તો લાગી પણ તે સંબંધ ઇશ્વરે પ્રાપ્ત કર્યો જાણીને અને પોતાનું મન તેમાં આરામ પામેલું જાણીને દેવયાનીનું કહેવું યયાતિ રાજાએ સ્વીકાર્યું. અને પોતાને સ્થાને ગયા.

પછી દેવયાની પણ પોતાને ઘેર ગઈ અને શર્મિષ્ઠાએ જે કુંઇ કર્યું હતું તથા કહ્યું હતું તે સઘળું રડતાં રડતાં પોતાના પિતાને કહી સંભળાવ્યું. તેથી શુક્રાચાર્યનું મન કચવાયું, અને પુરોહિતપણાને ધિક્કારતા વૃષપર્વાનું ગામ મુકીને બહાર નીકળ્યા. પરંતુ કદાચ શુક્રાચાર્ય શત્રુઓના પક્ષમાં જતા રહેશે' એ બીકને લીધે વૃષપર્વા તેમને પ્રસન્ન કરવા આવ્યો અને પોતાનુ મસ્તક તેમના ચરણારવિંદમાં મુકયું. ત્યારે શુક્રાચાર્યે કહ્યું તું "દેવયાનીનું મન પ્રસન્ન કર" વૃષપર્વાં કબુલ થતાં દેવયાનીએ પોતાનો અભિપ્રાય કહ્યો. "મારા પિતા મને જયાં પરણાવે ત્યાં સખીઓ સહિત શર્મિષ્ઠા મારી પછવાડે દાસી થઇને આવે" શુક્રાચાર્ય વિના ચાલે એમ નહોતું, તેથી એ વાત રાજાએ કબુલ કીધી. પછી આચાર્યે પોતાની પુત્રી દેવયાની યયાતી રાજા સાથે પરણાવી અને તેની સાથે શર્મિષ્ટાને સખીઓ સહિત દાસી તરીકે આપીને યયાતી રાજાને ભલામણ કરી કે "હે રાજા! તમારે શર્મિષ્ઠાનો કદી પણ સંગ કરવો નહિ".

કેટલોક સમય વ્યતીત થતાં દેવયાનીને પુત્રવતી જોઇ શર્મિષ્ઠાએ પોતાના રૂતુ સમયમાં દેવયાનીના પતી યયાતી રાજાની પ્રાર્થના કરી. યયાતી રાજાને જોકે આચાર્યનું વચન સાંભરતું હતું તોપણ 'એવા સમયમા સ્ત્રીની ઇચ્છા પરિપુર્ણ કરવી, એ ધર્મ છે. એમ વિચારી યયાતી રાજાએ તેનો સંગ કર્યો. દેવયાનીને યદુ અને તુર્વસુ નામના બે પુત્રો થયાં હતા. અને રાજકુમારી શર્મિષ્ટાને દ્રુહ્યું, અનુ અને પુરૂ એ ત્રણ પુત્રો થયા. શર્મિષ્ટાને પોતના પતિથીજ ગર્ભ રહ્યો જાણી ક્રોધી અને અભીમાની દેવયાની પોતાના પિતાને ઘેર

જતી રહી. યયાતી રાજા તેની પાછળ ગયા, કાલાવાલા કર્યાં અને સારી રીતે સમજાવ્યું પણ દેવયાની પ્રસન્ન થઈ નહિ, અને અંતે શુક્રાચાર્યે કોપથી યયાતીને શાપ દીધો કે " હે કામી મનુષ્યોને વિરૂપ કરી દેનારી જરા (ઘડપણ) તારા શરીરમાં પ્રવેશ કરો. " શાપ સાંભળી યયાતી રાજા ગભરાયા અને બોલ્યા હે મહારાજ ! હજુ હું સંસારના સુખથી તૃપ્ત થયો નથી. માટે પોતાની જુવાની જે આપવાની કબુલ કરે તેને મારાથી મારી જરા અવસ્થા (ઘડપણ) આપી શકાય અને તેની યુવાન અવસ્થા મારાથી લઇ શકાય એમ કરી આપો. શુક્રાચાર્યે દયાથી તેમ કરવા હા કહી. જેથી યયાતીએ પોતાના સૌથી મોટા પુત્ર યદુને તેમ કરવા કહ્યું ત્યારે યદુએ ઉત્તર આપ્યો કે વિષયોનું પરિપુર્ણ સુખ જાણ્યાવિના વિષયની તૃષ્ણા મટતી નથી; માટે હાલ હું તેમ કરી શકતો નથી. એ પ્રમાણે અનિત્ય યૌવનને નીત્ય સમજનારા બીજા પુત્રો તુર્વસુ, દ્રુહ્યુ અને અનુને પુછતાં તેઓએ પણ તેમ કરવા ના કહી. ત્યારે છેવટે સૌથી નાનામાં નાના પણ ગુણમાં મોટામાં મોટા પુરૂ નામના પુત્રને યયાતી રાજાએ તેમ કરવાને કહ્યું ત્યારે તેણે તુરત વિનય પૂર્વક આપ્રમાણેજવાબ આપ્યો :-

कोनुलोके मनुष्येंद्र पितुरात्मकृतः पुमान् ।
प्रतिकर्तु क्षमोयस्य प्रसादाद्विंदतेपरम् ॥

હે રાજા? આલોકમાં કયો પુરૂષ પિતાના ઉપકારનો બદલો વાળવાને સમર્થછે ? કે જે પિતાની કૃપાથી દુર્લભ મોક્ષની પ્રાપ્તી થઇ શકેછે. માટે

उत्तमश्चिन्तितं कुर्यात्प्रोक्तकारी तु मध्यमः ।
अधमोऽश्रद्धया कुर्यादकर्त्तोच्चरितं पितुः

પિતાનું ચિંતવેલું કાર્ય જે કરે તે ઉત્તમ પુત્ર કહેવાયછે, પિતાની આજ્ઞા થયા બાદ જે કરે તે મધ્યમ પુત્ર કહેવાય છે. અંતઃકરણમાં અશ્રધ્ધા રાખીને જે કરે તે અધમ પુત્ર કહેવાયછે, અને પિતાનુ કહ્યું કરેજ નહિ તે પુત્રતો પિતાની વિષ્ટા રૂપ કહેવાયછે. એમ કહી તુરત પોતાની યુવાવસ્થા પિતાને આપીને પિતાની જરા અવસ્થા પોતે લીધી.

વાહ ધન્ય છે એ ' પુરૂ ' પુત્રને કે જેણે પોતાની સુખ રૂપ યુવાવસ્થા કે જે અવસ્થામાં ખરાં કર્તવ્ય કર્મ ઉત્તમ પ્રકારે થઇશકે છે તે અવસ્થા પિતાને આપીને પિતાની દુઃખ રૂપ વૃધ્ધાવસ્થા કે જે અવસ્થા પ્રત્યેક કર્મ કરવાને નકામીજ છે તે અવસ્થા મનમાં બીલકુલ સંકોચ પામ્યા વિના લઇ લીધી તે શાને માટે ! માત્ર પિતાની આજ્ઞાનું પાલન કરવાને માટેજ. એટલુંજ નહિ પણ પિતાની આજ્ઞાનું પાલન કરવામાં પુત્રે કેટલું સાવધાન રહેવું પડે છે તેને માટે આ બીજું પરશુરામનું દ્રષ્ટાંત સાવધાન પણે સાંભળઃ—

પરશુરામની માતા રેણુકા કોઇ સમયને વિષે સ્નાન કરવાને માટે કોઇ સરોવર પ્રત્યે ગઇ; ત્યાં કમળના પુષ્પની માળા પહેરીને પોતાની સ્ત્રીયો સાથે જળમાં પ્રવેશ કરીને ક્રીડા કરતો મહા સ્વરૂપવાન ચિત્રરથ નામના રાજાને જોઇને, રેણુકાએ પોતાના [illegible]માં તેની ઇચ્છા કીધી. પછી એ પ્રમાણે થએલા માનસિક

વડે કરીને અખેદ ચિત્તવાળી રેણુકા સ્નાન કરીને પોતાના આશ્રમ પ્રત્યે ગઇ,ત્યારે તેના સ્વામી જમદગ્નિ ઋષિએ તે સ્ત્રી ભ્રષ્ટ થઇ એમ જાણીને " તને ધીક્કાર છે " એમ કહીને તેનો તીરસ્કાર કર્યો. ત્યાર પછી પરશુરામના ચાર ભાઇઓને એક પછી એકને તેમની માતાને નાશ કરવાનું તેઓના પિતા જમદગ્નિ ઋષિએ કહ્યું. પરંતુ માતાની સાથેના અસીમ સ્નેહને લીધે તે ચારે જણા તેમ કરી શક્યા નહિં. તે જોઇને જમદગ્નિએ ક્રોધથી શાપ આપ્યો ને તેથી તેઓ જડરૂપ થઇ ગયા. પછી જ્યારે પરશુરામ આશ્રમમાં આવ્યા, ત્યારે તેને જમદગ્નિએ કહ્યું કે " હે પરશુરામ ! તું આ તારી પાપ રૂપ માતાનો નાશ કર. " તેજ વખત પરશુરામે આજ્ઞા પ્રમાણે હાથમાં ફરશી લઇને પોતાની વહાલી માતાનું મસ્તક ઝટ કાપી નાખ્યું. ત્યારે તે જોઇને પ્રસન્ન થએલા જમદગ્નિએ પરશુરામને વરદાન માગવાનું કહેવાથી પરશુરામે આ પ્રમાણે વરદાન માગ્યાં કે હે પિતા! મારી માતા પાછી જીવતી થાય. મેં તેનો નાશ કર્યો હતો એમ તે નહિ જાણે, મને 'માતૃહત્યા' નો દોષ ન લાગે,આ મારા ભાઇઓ પૂર્વે જેવા હતા તેવા થાય, યુદ્ધમાં હું અજીત થાઉં અને હું દીર્ઘ આયુષ્યવાળો થાઉં. એટલા વરદાન માગી લીધા હતા. અને એ વરદાનો તેના પિતા જમદગ્નિએ તથાસ્તુ કહીને તેને આપ્યાં હતાં.

હે પુત્ર! હવે તુંજ જરા વિચાર કર કે પોતાને જન્મ આપનાર અને પાળી પોષી મોટા કરનાર પોતાની વહાલી માતા રેણુકાને પરશુરામે જમદગ્નિ ઋષિએ કહ્યું કે તુરત શામાટે મારી નાંખી હશે?

શું પરશુરામ નિર્દય હતા ? કેખુની હતા ? નાના તેમ તો હોયજ નહિ ત્યારે શા માટે આવું અઘટીત કામ કીધું હશે ? વિચાર, અને સમજ. માત્રપોતાના પીતાની આજ્ઞાનું પાલન કરવાને માટેજ. તાત્પર્ય કે પુત્રે પિતાની આજ્ઞાનું પાલન કરવામાં ઘણુંજ સાવધ રહેવાની જરૂર છે. અરે! જે પિતાનો પુત્ર પિતાની આજ્ઞાનું યથેષ્ઠ રીતે પાલન કરનાર હોય છે તે પિતાનું જીવિત પણ સાફલ્ય થાય છે; અને તે પુત્રના પિતાના જીવીતને ધિઃક્કાર છે કે જેનો પુત્ર પિતાની આજ્ઞાનું પાલન કરવાથી તદ્દન વિમુખ રહે છે. આટલું કહેતાં કહેતાં આંખમાં જળ જળીયાં ભરાઇ આવ્યાં; અને રડતાં રડતાં પોતાનું બોલવું આગળ લંબાવ્યું.

હે પુત્ર ! હવે બહુ થયું, ઘણું કહ્યું, માટે જો આ મારું બોલવું સાંભળીને મારાં વચનો પર નિર્વિકાર અને તદ્દન શુદ્ધ શ્રદ્ધા રાખીને તે મુજબ વર્તવાની સુઇચ્છાનું સ્ફુરણ જો તારા અંતઃકરણમાં થતું હોય; તો મને કહે હું તને જે થોડા બોધ વચનો કહેવા ઇચ્છું છું તે કહું અને જો મારા વચનો પર શ્રદ્ધા નહિ રહે એમ હોય તો મને ના કહે, રસ્તે પડ અને તું તારી ઇચ્છાનુસાર તારું વર્તન ચાલુ રાખ.

હે મહાત્મા? મારા પિતા આ બધું બોલતા હતા ત્યારે હું પૃથ્વી પર નીચે મુખે જોઈ રહયો હતો. અને ક્ષણે ક્ષણે પિતા તરફ તેમજ ત્યાં બેઠેલા સર્વ મનુષ્યો તરફ રહેજ રહેજ જોતો હતો. મારા પિતાના બોલવાથી મને ઘણી અસર થઇ અને તેમાં પણ રડતાં રડતાં કહેલા છેક છેલ્લા વાકયથી તો મને એટલી બધી અસર થઇકે મારું અંતઃકરણ કે જે વજ્ર સમાન કઠોરમાં કઠોર હતું તે પણ પીગળી ગયું, મારી આંખોમાં આંસુ

આવી ગયાં અને હું મને પોતાને ધિઃક્કાર સમજ્યો. પરમાત્માની લીલા અદ્ભુત છે! કોણ જાણે શું થયું તે કાંઈ સમજમાં આવ્યું નહિ પણ એટલું તો ખરૂં જેકે પરમાત્માએ વૃત્તિમાં ફેરફાર કરીને મને સુબુધ્ધિ અર્પિ. તેથી મેં પિતાને સાષ્ટાંગ કીધાં અને કહ્યું કેઃ– હે જન્મદાતા! મને આપના વચનો પર સંપૂર્ણ શ્રધ્ધા છે આપ મને બોધ આપીને કૃતાર્થ કરો.

આ સાંભળીને પિતા ઘણોજ હર્ષ પામ્યા અને બોલ્યા હે પુત્ર! ધન્ય છે! આજે હું મને પોતાને ભાગ્યવાન સમજું છું અને કોઇ દૈવી ચમત્કારના પ્રતાપ વડે યા કોઇ બીજી રીતે જેમ કોઇ જન્માંધને નેત્રરત્ન પ્રાપ્ત થાય તથા આંખ ઉઘડી જાય અને તેને જેટલો આનંદ થાય તેટલો તો શું પણ તેથી પણ વધારે આનંદ આજે હું તારા આ માત્ર એકજ વાક્યથી માનું છું હવે એક ચિત્તે શ્રવણ કર.

પ્રથમતો તારે આટલું ખાસ કરીને સમજવું જોઇએ કે પ્રજા વડેજ રાજા છે. કારણકે જાણે કોઇ ગુરૂએ જેમ એક શાળા ખોલી હોય, મુકામ મોટા સુશોભિત હોય, શાળાના જેવાજ જોઇતો સઘળો ઠાઠ માઠ કીધો હોય, પોતે ઘણા વિદ્વાન હોય, અને શિક્ષણ આપવામાં ઘણા કુશળ હોય, ત્યાં ઉંચા આસને બેઠા હોય પરંતુ જો પાસે એક પણ ભણનાર વિદ્યાર્થી ન હોય તો તે શાળાનો સઘળો ઠાઠમાઠ વિગેરે બધું બીલકુલ ઉપયોગી તેમજ શોભાયાત્ર નથી હોતું, તેમ રાજા ગમે તેવો પરાક્રમી ધનવાન કે ગુણવાન હોય પણ જો પ્રજા ન હોય તો તે રાજા શું કામનો? પ્રજા વિના

રાજ્યપદ હોતું જ નથી. માટે રાજ્યના આધાર રૂપ જે પ્રજા તેને કદી પણ ત્રાસ નહિ આપતાં રાજાએ તેને બનતી તજ વિજે વધુ સાનકુળ રાખવી જોઇએ. રાજા પ્રજાનો ભેદ મુખ્યત્વે કરીને એ માટેજ છે કે પરસ્પરના ભયથી અભય પોત પોતાના ધર્મનું સમ્યક રીતે પાલન કરે; અને સુખી તથા નિર્ભય રહે. કેટલાએક મૂર્ખ સ્વાર્થિ રાજાઓ પ્રજાને નિરંતર ભય આપે છે અને પ્રજાને ભય આપવાથી પોતે પણ ભયમાં રહે છે અને અંતે પોતે અધર્મમાં પ્રવેશી પ્રજાને પણ અધર્માચરણી કરે છે. રાજા થયા એટલે પ્રજા પાસેથી દ્રવ્ય વિગેરેનું હરણ કરી સુખનુંજ ચિંતન કરનાર રાજા, રાજા નથી પણ તે ખરેખરો મહાઘોર પિશાચ છે એમ સમજવું. અને ખરેખરો રાજા તો તે છે કે જે પ્રજાને સુખી જોઇ સુખી રહે છે અને પ્રજાને દુઃખી જોઈ દુઃખી થાય છે. માટે હે પુત્ર! પ્રજા સુખી છે કે દુઃખી તેની હમેશાં તપાસ રાખવી અને પ્રજાને જે જે દુઃખો હોય તે દૂર કરવાને માટે બનતા યત્ન પ્રયત્નો કરવા ચુકવું નહિ.

એક વખતે એક વિદ્વાને એક રાજાને સંબોધીને કહ્યું છે કે—

राजन् दुधुक्ष्यसि यदि क्षितिधेनुमेताम् ।
तेनाद्यवत्समिवलोक मसुं पुषाण ॥
तस्मिंश्च सम्यगनिशैः परितुष्यमाणे
र्नानाफलै फलति कल्पलतेवभूमिम् ॥

હે રાજન્! જો તું પૃથ્વિરૂપી ગાયને દુઝણી કરવા

પુષ્ટિવાળો હોય તો તું પ્રજારૂપી તેના વાછરડાનું બરોબર પાલન પોષણ કર. તે વાછરડાનું અર્થાત પ્રજાનું સારી રીતે પાલન પોષણ થવાથી પ્રજા સંતુષ્ટ થશે અને આ ભુમિ કલ્પવૃક્ષની પેરે અનેક પ્રકારનાં સારાં ફળો આપશે.

હે પુત્ર! કદિ અન્યાય આચરતો નહિં. અમુક પ્રજાને સુખ આપવું તેમજ અમુક પ્રજાને દુઃખ આપવું એમ પણ કરવું નહિ. રાજાએ હતેશા સર્વ પ્રજાને સમભાવ રાખી એક સરખી સમજવી જોઇએ ભિન્નભેદ રાખવો નહિં.

तंराजा प्रणयन् सम्यक् त्रिवर्गेणाभिवर्धते ।
कामात्मा विषमः क्षुद्रो दण्डेनैव निहन्यते ॥ २७ ॥

(મનુ૦ અ૦ ૭)

જો રાજા ભિન્નભેદ રાખ્યા વિના દંડનું સારી રીતે પ્રવર્તન કરે તો ધર્મ અર્થ અને કામ એ ત્રણેની વૃદ્ધિ થાય છે અને પોતે વિષયાભિલાષી ક્રોધી કપટી હોઇને અન્યાયની રીતે દંડનું પ્રવર્તન કરેતો તે રાજા અધર્મી થઇને અંતે નાશ પામે છે.

यथोद्धरति निर्दाता कक्षं धान्यंच रक्षति ।
तथा रक्षेन्नृपो राष्ट्रं हन्याच्चपरिपंथिनः ॥ ११० ॥

(મનુ૦ અ૦ ૭)

જેમ ક્ષેત્રમાં ધન્યાદિના ઉપયોગી સારા છોડવાઓનું રાત દિવસ

જાણીને કાળજી રાખીને રક્ષણ કરે છે અને તૃણાદિક નિરૂપયોગી છોડવા આ ઉખેડી નાંખે છે. તેમ રાજાએ પોતાના રાજ્યમાં દુષ્ટોને યોગ્ય શિક્ષા કરીને અને સજ્જનોને સંતોષ આપીને રાજ્યનું રક્ષણ કરવું જોઇએ.

રાજાએ પ્રજાનો દ્રોહ કરવો જોઇએ નહિ. જો રાજા પ્રજા તરફ તેવી રીતે વર્તે નહિ તો એવી તે કઇ મૂર્ખ પ્રજા હોયકે જે રાજયદ્રોહ કરે ! અને રાજા પ્રજા તરફ તેવી રીતે નહિં વર્તે છતાં જો કોઇ પ્રજા રાજય તરફ તેવી રીતે વર્તે તો તેને રાજાએ અવશ્ય યોગ્ય શિક્ષા કરવીજ જોઇએ પરંતુ રાજા પોતેજ પોતાની પ્રજાતરફ તેવી રીતે વર્તે અને તેથી કમળા ના રોગથી પીડિત મનુષ્ય જેમ પીળું ને પીળુંજ દેખ્યા કરે તેમ તેવી પ્રકૃતિ ને લીધે પોતે પોતાની પ્રજાને તેમ કરતીજ જોયા કરે અને વૃથા નિર્દયતા વાપરે તો તે સારા રાજાની યોગ્યતાને બીલકુલ છાજ તું નથી. માટે હે પુત્ર ! જો કદાચ કોઇ પ્રજા તેમ કરતી માલુમ પડેતો તેને સામાદિ ભેદવડે શાંત કરવી. પણ તેની સાથે તેના જેવું થવું નહિં અને આપણી યોગ્યતાને હાની પહોંચે તેવું કરવું નહિં.

ઘણાં મનુષ્યો એવા હોયછે કે બહારથી આડંબર રાખી લોકમાં પ્રતિષ્ઠાપાત્ર ગણાયછે અને પોતે ગુપ્ત પણે પાપાચરણ આચરી આત્મશ્રેય સાધવામાં ચુકીજાયછે અને અંતે દુઃખી થાય છે માટે ઉપરથી ખોટો ડોળ રાખી ગુપ્તપણે પાપાચરણ કરવાં નહિ.

રાજ્ય લક્ષ્મીવડે અલંકૃત થઇ અતિ ઉત્તમ વસ્ત્રો અને આભૂષણો ધારણ કરીને શરીરને સુશોભિત કરવામાંજ ખરી શોભા સમજવી નહિ પરંતુ પોતાનો ધર્મ શું છે તે સારી રીતે સમજીને તેનું યથાર્થ રીતે પાલન કરવામાંજ મોટામાં મોટી સર્વોત્તમ શોભા છે

અસત્ય વદવું નહિ, આખા દિવસમાં થોડો સમય પણ સત્સંગમાં અને પ્રભુભજનમાં ગાળવો, અને ઘણોજ ભાર મુકીને કહેવું પડે છે કે વ્યભિચારથી, દુર્વ્યસનથી અને દુષ્ટ જનોના સંગથી તદ્દન દૂરજ રહેજે.

જો કોઇ બહુ કઠોર અને ક્રોધી થાય છે તો તેનો સહુ કોઇ દ્વેષ કરે છે. અને જે શાંત તથા કોમળસ્વભાવ રાખે છે તેનું સર્વ કોઇ માન્ય રાખતું નથી અને ગણકારતું નથી માટે કોમળ તથા કઠોર એ બન્ને ગુણ વિવેક વિચારથી યથા પ્રસંગે ધારણ કરવા.

વિચાર કરશે તો તુરત સમજશે કે, અનેક મુખેથી ગવાઇ ગએલાં અસહ્ય દુઃખ ભોગવવાના નિવાસ રૂપ નરકથી બચવાની ઇચ્છા રાખનારે આ અનેક પ્રકારના વિવિધ દુઃખોની ખાણ રૂપ અનેક પ્રકારના વિવિધ શરીરોને પ્રાપ્ત કરાવનાર આવરણ શકિતના કારણ રૂપ કામ ક્રોધ લોભ મોહ મદ અને મત્સર એ છથી અડગ રહેવા યત્ન કરવો આવશ્યક છે. માટે હે પુત્ર? તારે પણ એ છથી અડગજ રહેવું ઉચિત છે.

હે યોગીશ્વર? એ ઉપરાંત એક એકથી ઉત્તમ પ્રકારના ઘણા

બોધવચનો પિતાના મુખથી શ્રવણ કરીને મારાં કરેલાં દુષ્ટ આચરણોનું મને સ્મરણ થવાથી હું મારી જાતને મહા દોષિત સમજ્યો અને તેથી મારા મુખપર એક પ્રકારની ગ્લાની છાઇ રહી; તોપણ મેં ધૈર્ય રાખી પિતા પ્રતિ હાથ જોડીને નમ્રપણે આ પ્રકારે ઉત્તર આપ્યો-

હે દયાળુ પિતા ! આપે કહેલા બોધવચનો મેં સ્વસ્થ પણે સાંભળ્યા છે. મને અનધિકારીને આપે બોધ વચનો રૂપી અમૃતનુ પાન કરાવીને આજે કૃતાર્થ કીધો છે. માટે આપે કહેલાં એ બોધવચનો સમયોચિત સમયાનુંસાર સ્મરણમાં લાવીને તે મુજબ વર્તવા અવશ્ય તત્પર રહીશ. હે પિતા ! હું પાપાત્મા આપ જેવા પુણ્યવાન, પરોપકારી પિતાના પાસે કોઇપણ કાર્ય કરતાં પહેલાં કહેવામાં ડહાપણ સમજતો નથી માટે હવે વિશેષ કાંઇ કહી શકતો નથી.

એ સાંભળીને પિતા પ્રસન્ન થયા. અને પોતે પોતાનો જમણો હાથ ઉંચો કરીને મને આશીર્વાદ આપ્યો કે:— " પરમાત્મા તને સુબુદ્ધિ આપશે, તું સુખી થશે. અને અંતે તુ તારૂં ખરૂં શ્રેય સાંધી જીવન મુકત થશે " એ મારો અંતઃકરણનો આશીર્વાદ છે. એટલું કહી વિરમ્યા એટલે હું ત્યાંથી સ્હેજ ખસ્યો અને પાસે યોગ્ય સ્થાન ઉપર બેઠો.



વીરેન્દ્ર મહારાજનો સ્વર્ગવાસ.

થોડા સમય પછી મારા પિતાએ મારી માતાને કેટલાએક બોધ વચનો કહીને સંતોષ આપ્યો અને આજ્ઞા કરી કે મારો મરણાવસાન ઘણા ટુંક સમયમાં થશે માટે તેને સારૂ સર્વ તૈયારી કરો. મારી માતા ત્યાંથી ઉઠયા. અને સેવકોને આજ્ઞા કરી. દરમ્યાન મારા પિતાએ ત્યાં બેઠેલા ગુરૂજી વિગેરે વૃધ્ધ પૂજ્ય જ્ઞાની મંડળીને મને સન્માર્ગે દોરવવા સંબંધી તથા રાજ્યની દેખરેખ સંબંધી વિનય સહ વિનંતી કીધી. પ્રધાનાદિને રાજ્ય કાર્ય ભાર સંબંધી તથા પ્રજાના આગેવાનોને પ્રજા સંબંધી કેટલીએક સુચનાઓ આપી અને પછી કાંઇજ પણ બોલ્યાવિના સર્વને પ્રણામ કીધા અને નેત્ર મીચી દીધાં. પછી પાંચક્ષણ પણ પુરી નહિ થઈ હોય એટલામાંતો અમે સઉ જોતા રહ્યા અને પોતે સચ્ચીદાનંદ સચ્ચીદાનંદ એ પ્રમાણે નામ સ્મરણ કરતાં કરતાં આ અસાર સંસાર નો ત્યાગ કરીને :જેમ જીર્ણ વસ્ત્રનો ત્યાગ કરે તેમ દેહ છોડીને પરમાત્માના ધામ પ્રત્યેસીધારી ગયા.

આ હા હા ! તે કેવો શોકનો સમય! કેવો પશ્ચાત્તાપનો વિષય ! તેનું સ્મરણ કરવાથી હૃદય વિદીર્ણ થઇ જાય છે કલેજામાં કારી ઘા લાગતા હોય તેમ થાય છે એ સાંભળવાથી પાષાણ જેવાં હૃદય પણ પીગળીને પાણી પાણી થઈ જાય એમાં સંદેહ નહિ !

તે વખતે આખા રાજ્યમાં પ્રજા જનોમાં ઠામો ઠામ ખરે ખરો શોક છવાઇ ગયો હતો. અને આબાલવૃધ્ધ પર્યંત સૌ રડતાં રડતાં મારા પિતાજીના સદ્ગુણોના વખાણ કરીને કહેતા હતા કે અરે ! કરૂણામય ઇશ્વરે વીરેન્દ્ર મહારાજાને દીન જનોનો ઉધ્ધાર અને ન્યાય પૂર્વક પ્રજાનું પાલન કરીને સંસારના દુઃખ દૂર કરવાને માટે મોકલ્યા હતા ; અને જેના પુરૂષાર્થ, દ્રવ્ય સ્મૃતિ, બુદ્ધિ, વિદ્યા તથા નિત્યકર્મ પરોપકાર તથા પરમાર્થને માટેજ હતાં; એવા ગુણી અને પ્રભાવશાલી પુણ્યાત્મા મહારાજાશ્રીનો સ્વર્ગવાસ થયો! નાના પ્રકારના આતપથી વિવિધ પ્રકારે તપીને ઉકળેલા અમારા દગ્ધ ચિન્તને પોતાના ઉત્તમોત્તમ ગુણોથી અત્યંત દયા રૂપી અમૃત વૃષ્ટીથી સિંચન કરીને કોણ શીતલ કરશે ? હે વિધાતા ! મોટા આશ્ચર્યની વાત છે કે અમને બધાને નિરાશ અને નિરાધાર કરીને તેમને આપે આપની સભામાં સ્થાપિત કીધા ! શું ત્યાં કોઇ ન્યાય કરનારા શું ત્યાં કોઇ પ્રજાનું પુત્રવત્ પાલન કરનારા અને શું ત્યાં કોઇ નિરાધારને આધાર આપનાર નહિ હતા ? કે આપને અમારા મહારાજાની જરૂર પડી ! હે વિધાતા આપે આપની મતલબ પાર પાડી પણ હવે અમારૂં દુઃખી જનોનું શું થશે? પ્રભુકરે તે ખરૂં ! આખા રાજ્યના બજાર ચઉટા બંધ રાખીને ધંધો કરવો

પડતો મુકીને અર્થાત્ રડનારો પાડીને એ પ્રમાણે અનેક મનુષ્યો અનેક પ્રકારે મોઢેથી બોલીને, અનેક મનુષ્યો રૂદન કરીને, અનેક મનુષ્યો સ્વર્ગવાસી મહારાજશ્રીના આત્માને શાંતિ આપો એમ સચ્ચીદાનંદ પ્રભુપાસે પ્રાર્થના કરીને, મોટા અધિકારીઓ અને આગેવાનો લૌકિકમાં સાથે આભડવા આવીને અને કેટલાએક નિરાહાર રહીને પ્રજાજનો સૌ મહારાજના મરણ પ્રતિ શોક કરતા હતા. વધુ શું કહું તે સમયનો દેખાવ અકથનીય, અસહ્ય અને અલેખ્ય હતો.

હે મહાપુરૂષ ! જો ખરે ખરૂં પુછો તો તે વખતે મેં તો ગંભીર રૂપજ પકડયું હતું. જો કે હું સમજતો હતો કે જ્ઞાન પ્રાપ્ત કરવાને માટે તેવા જ્ઞાનીની શોધ કરીને જે તેની સેવા કરે છે તે મહા મહેનતે જ્ઞાન પ્રાપ્ત કરે છે અને મારે જ્ઞાન પ્રાપ્ત કરવાનું સાધન મારે ઘેર મારી પાસેજ હતું પણ સમજ્યો નહિ અને હવે જ્યારે સમજ્યો ત્યારે જ્ઞાન પ્રાપ્ત કરવાને બદલે માત્ર તેને માટે પસ્તાવો કરવાનેજ મારે માટે બાકી રહ્યા ! આવા આવા તર્કોથી હું અંતરમાં દગ્ધ થતો જતો હતો. એટલામાં ગુરૂજીની આજ્ઞા થતાંજ હું તુરત ઉઠયો કે સર્વે મંડળી મને સાથે લઈને શ્રી રામ નામનું ઉચ્ચારણ કરતાં કરતાં પિતાના દેહ સ્મશાનમાં લઈ ગયા, વિધિવત્ અગ્નિસંસ્કાર કીધો અને સર્વે સાથે હું પણ પાછો વળ્યો. બધા મને મ્હેલ સુધી પાછા મુકવા આવ્યા તેમાં જેઓ વૃદ્ધ અને પૂજ્ય હતા તેઓએ શીખામણના રૂપમાં મને તથા મારા માતાજીને શાંતિ આપી અને પછી સૌ પોતપોતાને સ્થાને ગયા.

દિવસ પર દિવસ શોકમાં નિર્ગમન થતાં પિતાના ઉત્તરક્રિયાના

દિવસો આવી પહોંચતાં મારાં માતાજીની અને ગુરૂજીની આજ્ઞા પ્રમાણે વિદ્વાન બ્રાહ્મણો બોલાવીને ધર્મશાસ્ત્રાનુસાર ઉત્તરક્રિયા યથાસાંગ પરિપૂર્ણ કીધી.

રમેન્દ્રનું રાજ્ય

ઉત્તર ક્રિયાના સર્વ કાર્યોથી મુકત થયા પછી ગુરૂજીએ મને નિત્યકર્મ શીખવ્યું કે તુરત મેં મારો કાર્યક્રમ નક્કી કીધો. હું પ્રાતઃકાળમાં જેવો ઉઠતો તેવો પ્રથમ માતાને નમન કરીને શૌચ દંતધાવન તથા સ્નાનાદિક નિત્યકર્મ કરીને થોડું ગરમ કરેલું ગાયનું દુધ પીઈને ગુરૂજીને ત્યાં જઈ બાણવિદ્યા શીખતો, ત્યાંથી આવીને ભોજન કરીને સહેજ આરામ લેતો. ત્યાર પછી પ્રધાનાદિને રાજ્યના તથા પ્રજાના સુખશાંતિના સમાચાર પુછતો હતો, પછી બહાર ફરવા જતો હતો, ફરીને આવ્યા પછી સાયંકાળનું ભોજન લઈ થોડો સમય એક ભૂપેન્દ્ર નામના જ્ઞાની મિત્ર સાથે બેસીને જ્ઞાનના પુસ્તકો વાંચતો હતો અને ત્યારબાદ માતાજીની આજ્ઞા લઈ પ્રભુ સ્મરણ કરી સુઈ જતો હતો.

કેટલોક વખત આવી રીતે ચાલ્યું પણ પછીતો એક દિવસ ગુરૂજીએ દરબારના અધિકારીઓની તથા પ્રજાના અગેવાનોની એક મોટી સભા બોલાવી, અને સર્વ સમક્ષ રાજ્યાભિષેક કરી રાજ્ય

રૂપી રથનું સૂત્ર મને સ્વતંત્ર રીતે સોંપ્યું અને પોતે ગુરૂજીએ સર્વને જણાવ્યું કે આપણા મહારાજશ્રીના સ્વર્ગવાસ પછીનું કુંવરશ્રી રમેદ્રસિંહ કે જેના ઊપર હવે આપણા રાજ્યનો આધારછે તેનું વર્તન ઘણુંજ સંતોષકારક છે અને તેથી ખાત્રી થાય છે કે વખત જતાં એથી પણ વધુ સંતોષ આપશે. આખી સભા આ વાત જાણી ને હર્ષ પામી અને જય જયના પોકાર કરીને સભા વિસર્જન થઇ.

રાજ્યની લગામ કુલ સ્વતંત્ર મારા હાથમાં આવી કે તુરત પ્રથમતો મારા પિતાના વખતમાં પ્રજાને જે સુખો હતા તેમાં વધારો કરી અર્થાત પ્રજાને વધારે સુખી કરીને મેં પ્રજાને વધારે સાનુકુળ કીધી પછી મારા પિતાનો સ્વર્ગવાસ સાંભળીને મારા રાજ્ય પર નજર ફેરવનાર રાજાઓ સાથે યુધ્ધ કરીને વિજય મેળવ્યો અને દશે દિશામાં કોઇ મારા રાજ્યનું નામ નહિ લે તેવું કરી દીધુ રાજ્યમાં સર્વત્ર વાહવાહ ચાલી, મારા માતાજી તથા ગુરૂજી વિગેરે પૂજ્ય મંડળીએ ધન્યવાદ આપ્યો, અને પ્રજાજનો સૌ એકે અવાજે કહેવા લાગ્યા કે મહરાજશ્રીના સ્વર્ગવાસ પછી કુંવરશ્રીએ મહારાજશ્રાને ભુલાવીદે તેવાં કાર્યો કીધા. વાહ ધન્ય છે ! હોય સિંહના બચ્ચા તે સિંહજ. જેવું બીજ તેવું વૃક્ષ અને તેવાં વૃક્ષના તેવાંજ ફળ હોય તેમાં નવાઇશી! ટૂંકમાં હું જેટલો પહેલા જેઓ ને અળખામણો થઈ પડયો હતો તેટલોજ તે લોકોની નજરમાં ડાહ્યો શાણો અને પરાક્રમી ઠસી ગયો.

અદ્ભુત લીલા

એ પ્રમાણે આનંદમાં દિવસો નિર્ગમન થતાં હતાં એવામાં એક દિવસ હું મારા જ્ઞાની મિત્ર ભૂપેન્દ્ર સાથે બગીચામાં ફરવાને ગયો ત્યાં ફુવારા પાસે એકાંત અને શાંત સ્થાનમાં અમે બન્ને બેઠા અને જ્ઞાનની વાતો કરવા લાગ્યા, વાતમાં ખરે ખરો રસ જામ્યો એવામાં મારૂં ચિન્ત અચાનક ચોંકયું કારણકે મેં કંઈ ઝાંઝરનો ઝમકારો સાંભળ્યો, આ ઝમકારો કોના ઝાંઝરનો અને ક્યાં થયો તે જાણવાનેમેં આમ તેમ જોયું તો અમે જ્યાં બેઠા હતા તેની સામી બાજુ ઇંદ્રની અપ્સરા કરતાં પણ અધિક રૂપવાળી સુંદર સ્ત્રીને મારી તરફ આવતી જોઇ તે સ્ત્રીએ સર્વ શણગાર સજેલાં હતાં તેના જમણા હાથમાં સુવર્ણનો થાળો હતો જેને વિષે પુજા કરવાનું સર્વ સાહિત્ય હોય તેમ જણાતું હતું. ચાલતાં ચાલતાં શરીર ઉંચું નીચું થવાથી કંપાયમાન થતાં સ્તનના અને રત્ન જડિત ઉત્તમ હારના ભારથી કેડના જાણે કટકા થઇ જતા હોય તેમ તેની કેડ લચકાતી હતી, એવીતે સ્ત્રી પોતે નાજુક પગલાં મુકી હંસની ચાલે ચાલતી હતી. તેના કાનના કુંડળની કાંતિથી ગાલ તથા કાળા કેશ મુખને શોભાવતા હતા. કોઇ કોઇ વખત પોચું પડી જતું અને પવનને લીધે વારંવાર સ્તનપરથી ખસી જતું ઝીણું ચળકતું વસ્ત્ર તે સ્ત્રી પોતાના નાજુક ડાબા હાથથી ઠીક કરતી હતી. અને કોઇ કોઇ વખતતો પવનનો સપાટો લાગવાથી તેનું પહેરેલું વસ્ત્ર ઉડી

ને તેના અંગની આસપાસ લપેટ઼ઇને એવું તો સજ્જડ ચોંટી જ તું હતું કે તે વસ્ત્રની અનેક આકૃતિમાં કરચલી થઇ જતી હતી અને તેથી તે વખતે તે સ્ત્રી જે શરમાતી હતી તે જોવાની ખરે ખરી રમુજ પડતી હતી. એવી તે બ્રહ્માદિકને પણ મોહિત કરે તેવી સ્ત્રી જોવામાં આવતાં તેણે જરાક શરમાતાં શરમાતાં કરેલા મંદ હાસ્યથી અને કાજળની કાંતિથી કાળા કમળની પાંખડી જેવી મનને રમકડાંની પેરે રમાડે એવી અને અરધી વીંચેલી સુંદર નેત્રની આંખોના કટાક્ષથી હું છેતરાયો, મોહિત થયો અને સામસામી નજર એક થતાં વિહ્વલ થઇ જવાથી હું મારા શરીરનું અને પાસે બેઠેલા મારા મિત્ર ભૂપેન્દ્રનું પણ ભાન ભુલી ગયો. છતાં પણ મેં એટલું ઠીક કીધું કે મારા પ્રિય મિત્ર ભુપેંદ્રને મેં નમ્રપણે કહ્યું, ભાઇ ? શરમ મુકીને કહું છું કે મારૂં જ્ઞાન હણાઇ ગયું છે. કારણકે આ સ્ત્રીને જોઇને મારૂં મન મોહિત થયું છે; માટે આપ ઘેર પધારો અને કદાચ મને વધુ વખત થાય તો માતાજીને તથા ગુરૂજી વિગેરે જે પુછે તેને શાંત આપજો કે જેથી તેઓને ચિંતા ન થાય.

મારૂં બોલવું સાંભળીને ભુપેંદ્ર વિચારમાં પડ્યા અને પછી તુરત મને કહ્યું કે ભલે હું તો તમારા કહેવાથી જાઉં છું પણ તમે સંભાળજો કારણકે આ કોઇ ચમત્કારીક સ્ત્રી હોય એમ મને લાગે છે. તમે કાંઇ અણસમજુ નથી કે મારે વિશેષ કહેવું પડે પણ “ચેતતા નર સદા સુખી” આ કહેવત સ્મરણમાં રાખજો લ્યો હું તો હવે જાઉં છું કહી ચાલ્યા ગયા.

ભુપેંદ્ર કે જે જ્ઞાની હતા અને જેનો પડદો હતો તે ગયા કે

પછી તુરત હું ત્યાંથી ઉઠ્યો અને તે સ્ત્રી તરફ ગયો. મને પોતાની તરફ આવતો જોઇ શરમાઇ ગએલી તે સ્ત્રી સ્હેજ હસી પડી અને જાણે આસપાસના વૃક્ષોમાં છુપાવાનો વિચાર કરતી હોય તેવી ગભરાઈ ગએલી માલુમ પડી; પણ હું તુરત દોડીને તેની પાસે જઈ પહોંચ્યો અને તેના મરજી નહોતી છતા તેને પકડીને એક હાથે તેનો ચોટલો અને બીજે હાથે તેનો ડાબો હાથ ઝાલીને બાથમાં દબાવીને આલીંગન કરવા જતો હતો એટલામાં ચોટલો ઝાલવાથી જેના કેશ છુટા થઇ ગયા હતા એવા મોટા સ્તન વાળી તે સુંદર સ્ત્રી મારા બાથમાંથી એકદમ પોતાના નાજુક શરીરને છટકાવીને નાસી ગઇ. અને હું જોઉં છું કે આ જાય છે એવામાં તો મોટો ચમત્કાર થયો. તે ચમત્કાર એવો થયો કે તે સુંદર સ્ત્રી એક નાની સુંદર મૃગલી થઇ ગઇ અને ઉભી રહી.

વાહ! અદ્ભુત લીલા! વાહ! કેવો ચમત્કાર! જે સ્ત્રીના સ્વરૂપને જોવાથી મોટા યોગીઓ અને તપસ્વીઓ પોતાનું ભાન ભુલી જાય એવી જે સુંદર સ્ત્રી તે જોત જોતામાં એક નાની મૃગલી થઇ ગઇ! એ જોઇને હું ઘણો વિસ્મય થયો અને મારા મન સાથે તર્ક કરવા લાગ્યો કે કોઇ અપ્સરા હશે કે દેવાંગના મેં મુર્ખાએ જાણ્યા વિના વગર વિચારે આ શું કીધું! આ પ્રમાણે હું વિચાર કરતો હતો એવામાં તો તે ચંચળ મૃગલીને નાસતી જોઇને 'તે કોણ છે' એ જાણવાની ઇચ્છાથી હું પણ તેની પાછળ દોડયો. મૃગલી આગળ અને હું પાછળ એમ દોડતાં દોડતાં બહાર બહાર જંગલમાં આવી પહોંચ્યા તે મૃગલી એવી રીતે ઠેકડા મારી મારીને નાસતી હતી કે હું

તેને માત્ર મારાથી આઠ દશ પગલાંજ દુર દેખતો હતો અને તેથી મારા મનને એમ થતું હતું કે હવે પકડાશે હવે પકડાશે એમ આશામાંને આશામાં આડે અવળે રસ્તે ઝાડીમાં ને ઝાડીમાં રહીને ઘણેજ દુર નીકળી ગયા. એવામાં એક સુંદર તળાવ આવી પહોંચ્યું તેમાં તેમૃગલી ઉતરી અને પાણી પીવા લાગી તે જોઇને સારો લાગ મળ્યો જાણીને હું પણ તેની પાછળ તે તળાવમાં એકદમ ઉતરી ગયો અને તે નાજુક મૃગલાંને પાછળથી પ્રેમ પૂર્વક ઝટ પકડી લીધી. જે વખતે મેં તે મ્રગલીને પકડી તે વખતે જાણે છોડી દેવાને મને વીનવતી હોય તેમ તે મ્રગલીએ રહેજવાર મારા તરફ દયામણે મુખે જોયા કર્યું. પણ જ્યારે તેને ખાત્રી થઇકે એ નહિજ છોડે ત્યારે તે મારા હાથમાંથી એકદમ અદ્રષ્ટ થઇ ગઇ.

એ વખતે મારી અવસ્થા ઘણી માઠી થઇ ગઇ. કારણ કે એકતો એ સુંદર સ્ત્રી કોણ હતી. તે જાણવાનું જતું રહ્યું; અને બાજુ છેક સાયંકાળ થયો હતો, પક્ષીઓ સઘળા પોત પોતાના સ્થાનમાં જતા દેખાતા હતા, હું થાકી ગયો હતો, હાંફી ગયો હતો, ભુખ્યો થયો હતો અને ક્યાં આવ્યો છુ તે તથા શહેર કઇ દિશામાં છે તે પણ જાણતો નહોતો. હવે મારે શું કરવું તેને માટે મેં અનેક તર્કો કર્યાં પણ છેવટ એકજ વિચાર નક્કી થયો કે આ તળાવમાંથી થોડું જળ પીઇને પાસેના એક ઊંચા વૃક્ષપર ચઢીને રાત્રી પુરી થાય ત્યાં સુધી બેસી રહેવું, પ્રાતઃકાળ થતાં નીચે ઉતરી આમ તેમ મ્રગલીની તપાસ કરવી, તપાસ કરતાં મળે તો તેમ. નહિ તો જો કોઇ મનુષ્ય મળે તો તેને પુછીને શહેર તરફ જવું ને જો મનુ

ય નહિ મળે તો ચાલવાં ચાલતાં જ્યાં જવાય ત્યાં જવું ને પણ ગમે તેમ કરીને શહેરનો પત્તો મેળવવો. એમ વિચારી મેં તે તળાવમાંથી થોડું જળ પીધું અને પાસેના એક ઉંચા વૃક્ષ ઉપર ચઢીને બેઠો.

સંત સમાગમ.

દૈવની ગતિ બળવાન છે ! પરમાત્માની કૃતિ ગહન છે ! રાત્રી તો ગમે તેમ કરી ઝાડ ઉપરજ બેઠા બેઠા દુખમાં કાઢી પણ પ્રભાત થયું કે હું વૃક્ષની નીચે ઉતર્યો આમ તેમ મૃગલીની તપાસ કીધી. પણ કાંઇ જોવામાં આવી નહિ. ત્યારે નિરાશ થઇને પાછું ચાલવા માંડયું, ધીમે ધીમે થોડુંક ચાલ્યો ને જેવો આગળ ચાલવા જાઉં છું તેવોજ પાછળ ગંભીર શબ્દ થયો કે હે પુરૂષ ! ઉભો રહે. તું કોણ છે ? કયાંથી આવ્યો છે ? ને કયાં જવા ઇચ્છે છે ? મેં તત્કાળ પાછું ફરીને જોયું તો પ્રકાશના પુંજ સરખો તેજસ્વી દિવ્ય દેહવાળો અવર્ણનીય કાંતિવાળો માત્ર વૃક્ષની છાલની કોપીન ધારણ કરનારો તથા મધુરૂં અને મંદ મંદ હાસ્ય કરનારો પ્રસન્ન મુખવાળો પુરૂષ દ્રષ્ટીએ પડયો; તે સમયે જેમ કોઇ અત્યંત નિર્ધન પુરૂષને ધનનો અખુટ ભંડાર મળી જવાથી તથા જન્માંધને નેત્ર આવવાથી તથા પતિની વૃદ્ધાવસ્થામાં વંઝાજેવી સ્ત્રીને પુત્રનો પ્રસવ થવાથી તથા મરણ શય્યામાં સુતેલા જીવવાની આશાવાળા પુરૂષને

કોઇ દેવી ઔષધી વડે નિરોગ થઈ યુવાવસ્થાવાળો અત્યંત રૂપવાન દેહ પ્રાપ્ત થવાથી જેવો અનવધિ આનંદ થાય તેવો આનંદ મને તે પુરૂષને જોતાંજ થયો. મારા નેત્રમાં હર્ષના આંસુની ધારા ચાલવા લાગી હું તત્કાળ સામો ગયો અને દંડવત કરીને મને કૃતાર્થ માનવા લાગ્યો. તે પરમાર્થી પુરૂષે મારી પીઠ ઠોકીને મને ધન્ય ધન્ય કહીને મારો હાથ ઝાલીને ઉઠાડયો ત્યારે હું બેઠો થયો અને તે પુરૂષને સ્થિર દ્રષ્ટીથી નીરખવા લાગ્યો ત્યારે પુનઃ તે પુરૂષે મને પુછયું કે "હવે શી ઇચ્છા છે ?" મેં સવિનય ઉત્તર આપ્યો કે મહારાજ મને જ્ઞાનબોધની ઇચ્છા છે માટે જ્ઞાનબોધ આપો. એ સાભાળીને, એક ચિત્તે શ્રવણ કર, એમ કહી તે માહાપુરૂષે નીચે પ્રમાણે બોધ આપવા માંડયો :-

दारा इमे मे तनया इमे मे गृहा इमे मे पशवस्त्वीमे मे।
एवं नरो मेष समान रूपो मे मे कृतः कालवृकेणनीतः ॥

હે પુરૂષ ! આ મારી સ્ત્રી, આ મારાં છોકરાં, આ મારૂં ઘર અને આ મારાં ઢોર એ પ્રમાણે મનુષ્ય મેંઢાની પેરે મે મે કરીને અર્થાત્ મારૂં મારૂં કરીને પોતે પોતાનું આયુષ્ય પુરૂં કરે છે અને મરે છે. એવા અજ્ઞાની જનોનું જીવવુ વ્યર્થજ છે. માયાની મોહ જાળમાં જકડાએલા કાળના ફંદામાં ફસીને તેના ગ્રાસ રૂપ થવાની સંધામાં પડેલા ઘણાં મનુષ્યો જાણે આપણે મરણ આવવાનુંજ નથી એમ માનીને રાત્ર દિવસ સ્ત્રી, પુત્ર ગૃહ, ધન વિગેરે અનેક વિષયોનું સેવન કર્યાંજ કરે છે. અને તે વિષયોજ જાણે તે પુરૂષોનું પરમ ઐશ્વર્ય હોય એમ તેઓ ગણે છે. જેથી તેઓ તે વિષયોથી વિમુખ થઇ આ અસાર સંસારના રહેંટમાળના ચક્રમાં આપણે કોણ છીએ, કયાંથી

આવ્યા છીએ, શું કરવા આવ્યા છીએ, તથા અંતે આપણે ક્યા રૂપમાં, કયે સ્થળે અને કેવી સ્થિતિમાં પડવાનું છે તેનો સ્વપ્ને પણ વિચાર કરતા નથી, એવા મનુષ્યોને આ પ્રપંચનું કિંચિત માત્ર પણ ખરારૂપે ભાન થતું નથી. અને અંતે અંધારા ઉંડાં કુવાની ભખડમાં પડેલા દેડકાના જેવી સ્થિતિવાળા અનેક મનુષ્યો અનેક પ્રકારે ભ્રમણામાં ભ્રમણ કરીને અજ્ઞાનપણામાંજ મરે છે

तएव जाता लाकेषु प्राणिनो धन्यजीविन : ।
ये पुनर्नेह जाता : स्यु: शेषा जरठगर्दभा : ॥

આ જગતમાં તેજ મનુષ્યો ખરા જન્મેલા છે, તેજ પ્રાણીને ધન્યવાદ છે કે જેને પુનઃ માતાના ઉદરમાં આવી જન્મ લેવાની જરૂર પડતી નથી. અર્થાત્ જેણે જન્મ મૃત્યુનો ફેરો ચુકવ્યો તેનુંજ જન્મવું કૃતકૃત્ય અને ધન્ય છે. બાકી સર્વે વૃદ્ધ ગર્દભ એટલે ઘરડા ગધેડા જેવા સમજવા.

હે યોગીશ્વર ! ત્યાર પછી તો તે મહાપુરૂષે જન્મ મૃત્યુનો ફેરો ચુકવીને જીવન્મુક્ત કેમ થવાય એ સંબંધી એવો ગૂઢ તત્વ બોધ કહેવા માંડયો કે જેને વિષે મારી બુદ્ધિ લેશ પણ પ્રવેશ કરવાને શક્તિવાન થઈ નહિ. તેથી મેં વિચાર્યું કે આ બધું હું સમજ્યા વિના શ્રવણ કરીશ તેમાં મારૂં શ્રેય શું થશે ? કાંઇ નહિ એમ વિચારી મેં નમસ્કાર કરીને કહ્યું, હે મહાપુરૂષ ! આપતો ઘણો ઉત્તમ ગૂઢ બોધ આપો છો પણ તેને વિષે મારી મતિ પ્રવેશ કરી શકતી નથી માટે મારી એવી ઇચ્છા છે કે જેને વિષે સર્વ તત્વબોધનો સમાવેશ થઇ જતો હોય એવું તથા જે સમજ્યા પછી અને

જેનું યથાર્થ જ્ઞાન થયા પછી અન્ય કોઈ સમજવાનું કે જાણવાનું અવશેષ રહે નહિ એવું જડીબુટ્ટીના જેવું માત્ર એકજ તત્વ બોધક વાક્ય કહેવાની કૃપા કરો. આ સાંભળી હસતે મુખે તે મહા પુરૂષે મને કહ્યું, ' હે પુરૂષ! હું તારી ઈચ્છા પ્રમાણે એકજ વાક્ય તો કહું પણ ત્યાર પછી તે વાકયનો ભાવાર્થ હું કહી શકીશ નહિ અર્થાત્ તે વાકયનું યથાર્થ જ્ઞાન હુ આપી શકીશ નહિ, માટે જો તારી ઈચ્છા હોય તો હું કહું. મેં મારી ઉત્કટ ઈચ્છા જણાવતાં, મેં આપને કહેલું ' તું તે હું, હું, તે તુ અને હું તું તેં' એવાકય કે જે વાકયનો હું યથાર્થ ભાવાર્થ જાણવાની ઈચ્છાવાળો છું તે વાકય તે મહાપુરૂષે કહ્યું અને મૌન ધારણ કર્યું. હું આ સાંભળીને અત્યંત વિસ્મય થયો અને એકી ટસે તે મહાપુરૂષની મુખમુદ્રા તરફ જોઈને વિચાર કરવા લાગ્યો કે જે જાણ્યા પછી કાંઈજ પણ જાણવાનું શેષ રહે નહિ એવું માત્ર એકજ તત્વ-બોધક વાકય આવું !! કે તું તે હું અને હું તે તું એમ હોઈ શકે ! ના નું બાળક પણ કબુલ કરે કે એતો વિપરીત છે. પણ વળી વિચારથયો કે વાકયમાં કાંઈ પણ રહસ્ય હશેજ. પુછવું જોઈએ પણ પુછાય કેમ! એ મહાપુરુષે એ વાકય કહેતાં પહેલાંજ તેનો ભાવાર્થ કહેવાની ના કહી દીધી છે. એટલે કેમ પુછાય! પુછાય તો નહિ પણ આગ્રહ કરીને કહું જો કૃપા થાય અને કહે તો સારૂં એમવિચારી હું આગ્રહ પૂર્વક બોલ્યો, હે કૃપાનિધિ! જો કે આપે અગાઉથી આ વાકયનો ભાવાર્થ સમજાવવાની ના કહી દીધી છે પરંતુ મારાપર એટલો અનુગ્રહ કરો અને એ વાકયનો ભાવાર્થ કહેવાની કૃપા કરો. આવું મારૂં નમ્રપણે આગ્રહ પુર્વક બોલવું થયું ત્યારે તે

વાકયનો ભાવાર્થ તો કહ્યો નહિ પણ થોડે દુર જે એક મોટી ગુફા હતી ત્યાં તે ગુફાની પાસે મને લઈ જઇ ગુફાનું દ્વાર મને બતાવીને કહ્યું કે હે પુરૂષ! આ ગુહામાં મૌન ગ્રહી ચાલ્યો જા, અને ત્યાંના આનંદનો અનુભવ કર. એ ગુહામાં તને આપે જડીબુટ્ટી જેવા મહા વાક્યનું યથાર્થ જ્ઞાન થશે. મેં કહ્યું કે આ મારો હસ્ત ગ્રહણ કર્યો છે તો આપજ એ વાકયનો ભાવાર્થ કહી મને નિઃસંદેહ કરોતો કેવું સારૂં! તે પુરૂષે કહ્યું જેમ થવાનું છે તેમજ થશે. હું તને કહું છું તે પ્રમાણે આ ગુહાના દ્વારમાં નિર્ભયપણે પ્રવેશ કર. એમ કહી મારો હસ્ત ગ્રહી મને આગળ કરીને એ પુરૂષ પાછા વળ્યા.



ચમત્કારી ગુહા અને અનુભવારણ્યનો અનુભવ.

હું તે ગુહાના દ્વારમાં પ્રવેશ કરી બે ડગલા ચાલીને પાછો વળીને જોઉં છું તો તે પુરૂષ જોયા નહિ. જ્યારે મેં તે પુરૂષને જોયાં નહિ ત્યારે બગીચામાં મળેલી પેલી લાલતાંગી સુંદર સ્ત્રી કોણ હતી તે જાણવાનો ઇચ્છા છેવટ જેમ મારા મનમાંને મનમાંજ સમાઇ ગઇ. તેમ આ મહાપુરૂષ કોણ હતા તે જાણવાની ઇચ્છા પણ નિરુપાયે મારા મનમાંજ સમાઇ ગઇ. અને હું આગળ ચાલવા લાગ્યો. તે ગુહામાં મને અદ્ભુત આનંદનો અનુભવ થયો. આગળ ચાલતાં જોઉં છું તો એક શાંત એકાંત રમણિય સુંદર દેવમંદિર જેવું સ્થાન નજરે પડયું, હું આનંદ સહ તે મંદિરમાં પહોંચ્યો, અને તેમાં પ્રવેશ કીધો. અંદર જઇને જોયું તો તે એક સુંદર શિવપુરી જેવું અલૌકિક વિશાળ સ્થાન હતું. તેમાં એક બાજુએ સ્નાન કરવાને સ્વચ્છ ઉષ્ણજળ અને થોડું ઠંડું જળ તઇયાર હતું, બીજી બાજુએ એક રત્ન જડાત સિંહાસન હતું તેની પાસે તામ્રપાત્ર, જળપાત્ર, આચમની, અર્ધ્ય પાત્ર, ભસ્મ, સુવાસિત ચંદન, પુષ્પ ધુપ, દીપ, નૈવેદ્ય વિગેરે દેવસેવાનું સર્વ સાહિત્ય હાજર હતું, ત્રીજી બાજુએ સાત્વિક ભોજનના

ઉત્તમ પદાર્થોનો એક સુવર્ણમય થાળ હાજર હતો અને ચોથી બાજુએ એક થાળમાં મુખવાસ અને પાસે સુંદર મુખદાયક સુશોભિત શય્યા શયનને માટે બીછાવેલી તૈયાર હતી; પરંતુ એ સર્વનો સ્વામિ કોઈ ત્યાં દ્રષ્ટીએ પડયો નહિ. તેથી હું ત્યાંથી બહાર નીકળી આગળ ચાલ્યો. આગળ જતાં એક તેવુંજ સુંદર બીજું મંદિર આવ્યું તેમાં પણ પ્રવેશ કીધો અને મારાં ખરા પુણ્ય સંસ્કાર વિના આ સ્થાનમાં મને આણુવાને કોઇ સમર્થ નથી. મારૂં જન્મવું સાર્થક છે. એમ વિચારતો અને આનંદ માનતો એક બાજુથી જોતો જોતો આગળ ચાલ્યો તો એક બાજુએ એક મહાપુરૂષ સુતેલા હતા, અને તેની પાસે તેની સેવામાં શિષ્ય જેવા ત્રણ તેજસ્વી પુરૂષો બેઠેલા હતા. તે જોઇને હું તેમની સમીપ ગયો, સાષ્ટાંગ દંડવત નમસ્કાર કર્યાં અને હાથ જોડીને ઉભો રહ્યો. પણ તે ચારેમાંથી કોઇએ મારા સામે બીલકુલ જોયું નહી. છેવટ જયારે મેં હે પ્રભો ! કહી બોલવા માંડયું કે તત્કાળ તે મહાપુંરૂષે મારા પ્રતિ દ્રષ્ટી ફેરવી, અને પોતાના એક શિષ્યને આજ્ઞા કરી કે, હે શિષ્ય ! આને અનુભવારણ્યનું વ્દાર બતાવ; જેથી તે શિષ્ય ત્યાંથી તત્કાળ ઉઠયો અને મારો હાથ ઝાલીને એક બાજુ પર નીચે ઉતરવાની સીડી હતી તે ઊપરથી મને નીચે ઉતારીને પાસેનું એક ગુપ્ત માર્ગનું વ્દાર ખોલ્યું અને મને કહ્યું,' આ માર્ગે જાઓ, એમ કહીને મને તે વ્દારમાં પ્રવેશ કરાવી પુનઃ વ્દાર બંધ કરીને તે પુરુષ ચાલ્યો ગયો. મેં ત્યાંથી ચાલતાં ચાલતાં આસપાસ નજર કરીને જોયું તો મહાદારુણ અરણ્ય જેવું ભાસ્યું એ અરણ્યમાં

હું ફળાહાર કરીને તથા વહેતા ઝરાઓમાંનું જલ પીઇને અને રાત્રીએ કોઇકેકાં વૃક્ષપર આરામ લઇને. ઘણા દિવસ સુધી ફર્યો અને આજે પ્રાતઃકાળમાં ચાલતાં ચાલતાં આ સ્થાન કે જ્યાં આપ તેમજ હું બેઠા છીએ ત્યાં આવી પહોંચ્યો. એટલામાં આગળ ચાલતાં એક નિર્મળ જળનો વહેતો પ્રવાહ અવલોક્યો, તેમાંથી પાણી પીવાને તેના કીનારાપર બેઠો, અને પાણી પીવાને હસ્તનું અવલંબન પાણી તરફ કીધુ કે તુરત જળનું એક બીંદુ પણ જોયું નહિ પણ તે સ્થાન ઊપર આ૫શ્રીના દર્શન થયા, આપનો સમાગમ કરવાને આપની પાછળ દોડયો થાકી ગયો ત્યારે રડી દીધું અને મોટી બુમ પાડી ત્યારે આપ ઉભા રહ્યા અને મારી શંકા સાંભળીને આપે મને જે મારૂં સર્વ ચરિત્ર કહેવાની આજ્ઞા કરી હતી તે આજ્ઞાનુસાર મેં મારૂં સર્વ ચરિત્ર આપ સમીપ કહી દીધું હવે આપને કહેવાથી મારા મનની શંકાનું યથાર્થ સમાધાન કરીને આપ ઉત્તમ બોધ આપો અને મને કૃતાર્થ કરો.



તત્વબોધ

હે સુભાગી! તું હવે શ્રવણ કર. આ સર્વ જગત પ્રથમ પ્રલય રૂપ [અર્થાત પ્રલયમાં અંતે જેવી સ્થિતિવાળું તેમજ આદિને વિષે પણ તેવીજ સ્થિતિવાળું જાણે અંધારામાં ડુબી ગયેલું)અગોચર (ઇંદ્રિઓથી નહિ ઓળખી શકાય એવું) અને જાણે ઘોર નિંદ્રામાં તદન ગરક થઇ ગયેલું હોય તેવું હતુ. સૃષ્ટિની ઉત્પત્તિ પુર્વે જરાયુજ અંડજ સ્વેદજ ઉદભિજ્જ એ ચાર પ્રકારના પ્રાણીઓનું તથા સર્વ પ્રજાની ઉત્પત્તિનું બીજ, દિવ્યરૂપ અદભુત અચિંત્ય અવ્યક્ત અનિર્વચનીય સમતા વાળું અને રૂપ ગુણ આકાર આદિથી રહિત ચારે તરફ અંધકારે વિટાયલું એકજ તત્વ હતું.

शून्यशक्ति स्तथाऽऽकाशे नाशशक्ति विनाशिनि ।
यथांडेऽतर्महासर्पो जगदस्ति तथाऽऽत्मनि ॥
फल पत्र लता पुष्प शाखा विटप मूलवान ।
वटबीजे यथा वृक्ष स्तथेदं ब्रह्मणि स्थितम् ॥

પંચદશી.

ભાવાર્થ:—જેમ આકાશને વિષે શુન્ય શક્તિ છે તથા વિનાશી વસ્તુને વિષે નાશ શક્તિ છે, તથા જેમ અંડને વિષે મહા સર્પ

અપ્રગટ હોય છે તેમ પરમાત્માને વિષે જગત રહેલું છે. વળી જેમ બીજને વિષે ફળ, પત્ર, લતા, પુષ્પ, શાખા, વિટપ તથા મુળ વાળું વૃક્ષ નિશ્ચય કરીને હોય છે તેમજ આત્મતત્વને વિષે આ (વિચિત્ર રૂપ વાળું) જગત સ્થિત છે. એ પ્રકારે એક અદ્વૈત અવ્યક્ત સચ્ચિદાનંદ રૂપ [illegible] (આ વ્યક્ત સ્પષ્ટ સ્થૂલ રૂપ) જગતની ઉત્પત્તિ થએલી છે. એ તત્વ સર્વવ્યાપક તથા નિરવયવ છે:—

तस्मादात्मा महानेव नैवाणुर्नापि मध्यमः ।
आकाशवत् सर्वगतो निरंशः श्रुतिसंमतः ॥

ભાવાર્થ:—આત્મા સર્વવ્યાપકજ છે. અણુ પરિણામવાળો પણ નથી તેમજ મધ્યમ પરિણામવાળો પણ નથી. પરંતુ આકાશની પેઠે સર્વગત સ્થિત છે. અને તું મને તને અને બીજા સર્વને જુદા જુએ છે તેનું કારણ માત્ર એ છે કે અજ્ઞાન રૂપ આવરણને લીધે તને ભ્રમ થયો છે. તેથી તું દેહનેજ જોયા કરે છે પણ તે તારી મોટી ભૂલ છે.

देहः किमन्नदातुः स्वं निषेक्तुर्मातुरेव च ।
मातुः पितुर्वा बलिनः क्रेतुरग्नेः शुनोऽपि वा ॥

શ્રીમદ્ભાગવત ૧૦ અ. ૧૦ શ્લોક ૧૧.

ભાવાર્થ:—"દેહ" એ અન્નદાતાની, માતાની, પિતાની, વડવાની, બળીયાની, ખરીદનારની, અગ્નિની, કુતરાની કે કોની મીલકત છે એ કાંઇ નક્કી કહેવાતું નથી. કારણકે એ સઘળાંની એ દેહ ઉપર સામાન્ય સત્તા છે. તેથી એ દેહ જે કે એવી રીતે સર્વનો તેમજ શ્રી ગીધ કાક આદિક બીજાની પણ સત્તાને આ

ધિન થનારો એવો છે તેને એકલો પોતાનોજ સન્તામાં ગણીને મારો મારો કહી તેને વિષે મમતા રાખવી એ કેવું અનુચિત છે ! એ દેહતો અનિત્ય, અશાશ્વત, અસત્, જડ, દુઃખરૂપ અશુચિ ત્રિગુણ નિર્મિત દ્રશ્ય વિકારી તથા પંચ ભૂતાત્મક છે. અને આત્માતો એ થકી વિલક્ષણ એટલે નિત્ય, શાશ્વત, સત્ ચિત્ આનંદરૂપ નિર્વિકાર એવો હોઈને એ દેહ થકી કેવળ ન્યારો અસંગ છે. જ્યારે હરિભક્ત તત્વવિદ્ મહાત્મા પ્રલ્હાદજીને તેના પિતાએ પુછ્યું હતુ કે તારો ભગવાન ક્યાં છે બતાવ, ત્યારે પ્રલ્હાદજીએ નીચે પ્રમાણે કહ્યું હતું:—

पृथ्व्यां पाथसि पावके च पवने दिक्ष्वंतरिक्षे पुन ।
मार्तंडे शशिमंडलेऽस्ति सुतले यश्चेतनेऽचेतने ॥
यश्चांतर्बहिरप्यनंतविभवो भावेप्यभावेऽपि यः ।
सर्वत्रास्ति सदास्ति किं बहुगिरा त्वय्यस्ति मय्यस्तिच ॥

ભાવાર્થ:—પરમાત્મા પૃથ્વિ, પાણી, અગ્નિ, વાયુ અને સર્વ દિશાઓમાં, તેમજ આકાશ સૂર્ય ચંદ્ર અને પાતાળમાં, ચેતનમાં અને અચેતનમાં, અંદર અને બહાર સર્વવ્યાપક છે. જેનું ઐશ્વર્ય અનંત છે એવા તે સર્વ સ્થળે સતત વ્યાપ્ત છે. પિતાજી વિશેષ શું કહું ? તેજ સર્વ વ્યાપક પરમાત્મા તમારે વિષે અને મારે વિષે પણ છે.

હવે તું જરા વિચાર કર કે દેહ જ્યારે જડ છે અને આત્મા સર્વ વ્યાપક છે ત્યારે તારે વિષે જે આત્મા છે તેજ આત્મા મારે વિષે પણ છે અને મારે વિષે તથા તારે વિષે જે આત્મા રહેલો છે તેજ આત્મા અન્ય સર્વને વિષે છે તો પછી હું તે તું અને તું

તે હું તથા હું તું તે એમ કહેવું કોઇ પણ રીતે નહિ મનાય
તેવું કે અયોગ્ય કરતું નથી.

ममाहं तत्तवत्त्वं ममत्वं तन्तवाहमितिच सत्यम् ॥

यदात्त्वमाहमहत्वं तदहंत्वं तत्सुकोभेदः ॥

મારૂં હું તે તારૂં તું, ને તારૂં હું તે મારૂં તું,
હું તે તું ને તું તે હું; તો હું તું તેમાં ભેદજ શું-

તે મહાત્મા પાસે જેવો ઉપદેશ તેં માગ્યો તેવોજ ઉપદેશ તેણે આપ્યો. આહાહા! પણ કેવું ગૂઢ રહસ્ય ! ખરુંજછે કે

उदिते परमानंदे नत्वं नाहं नैवजगत् ।

સમતા ભાવ પ્રાપ્ત થતાં બ્રહ્માનંદ કેજે પરમાનંદ અખંડાનંદ છે તેનો અનુભવ થાય તો પછી હું તું કે જગતનો ભેદ રહેજ નહિ. કેમ બોલ હવે તારી શંકાનું સમાધાન થયું ? આ સાંભળી રમેંદ્ર મહારાજાએ આનંદ સહ હાથ જોડીને હસતે મુખે કહ્યું કે હે મહા પુરૂષ ! હે ગુરૂદેવ ! શંકાનું સમાધાન બરોબર થઇ ગયું. આપે હું મૂઢ ઉપર મોટી કૃપા કીધી. એમ કહી સાસ્ટાંગદંડવત નમસ્કાર કર્યા કે ગુરૂએ આશીષ આપી. અને પછી કેટલોક સમય તે મહાત્મા પાસે રહી બ્રહ્માત્મતત્ત્વને સમજી લઇ રમેંદ્ર મહારાજા જીવન્મુક્ત થયા.

સમાપ્ત.

જાહેર ખબર

આનંદ સહ જ્ઞાન આપનાર ધાર્મિક નૈતિક વ્યાવહારિક રાજ્યપ્રકારી તથા કાવ્ય સાહિત્યના રસીક વિષયોથી ભરપૂર બહોળો ફેલાવો પામેલું વિદ્વાનોમાં વંચાતું ઉત્તમ માસીક પત્ર

પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ અગાઉથીજ ફક્ત રૂપીઆ ૧-૦-૦ નમુનો મફત મળશે પણ લવાજમ મળ્યા વગર નામ નોંધાશે નહીં.

અંકુશ પ્રીન્ટીંગ પ્રેસ

આ છાપખાનામાં વાયદાસર સફાઈદાર અને કીફાયત ભાવે સંસ્કૃત ગુજરાતી તેમજ અંગ્રેજી ભાષામાં છાપવાનું દરેક જાતનું કામ કરીએ છીએ.

અધિપતિ

ત્રીવેદિ. દિનમણિશંકર વેણીશંકર

શ્રી "અંકુશ" મુદ્રણાલય, અંબાજીરોડ-સુરત.